સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# સ્વામિનારાયણ ચિંતન

વર્ષ :- ૧, અંક :- ૬, જૂન - ૨૦૧૩

બે વર્ષ લવાજમ રૂા.૧૬૦/-




**શિકાગો-અમેરિકાને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં ઉજવાયેલ શ્રી સ્વામિનારાયણ મંદિર-વ્હીલીંગનો 'રરમો વાર્ષિક પાટોત્સવ' (તા. ૧૮ થી ૨૫-૫-૨૦૧૩)**



























## શિકાગો-અમેરિકા















**શિકાગો-અમેરિકાને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં ઉજવાયેલ શ્રી સ્વામિનારાયણ મંદિર-વ્હીલીંગનો '૨૨મો વાર્ષિક પાટોત્સવ' (તા. ૧૮ થી ૨૫-૫-૨૦૧૩)**

૧-૨. પાટોત્સવ પ્રસંગે ઠાકોરજી સમક્ષ ધરાવેલ છપ્પનભોગ અન્નકૂટ દર્શન તેમજ આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. સંતો. ૩. મારુતિ યજ્ઞ પૂર્ણાહુતિ બીડું હોમતા પ.પૂ. લાલજી મહારાજશ્રી, પૂ. સંતો તથા યજમાનશ્રીઓ. ૪. પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે મંદિરના મહંત પૂ. પુરાણી સ્વામી, પ્રમુખ શ્રી રજનીભાઈ પટેલ તથા શ્રી જશભાઈ પટેલ, શ્રી ગિરીશભાઈ પટેલ વગેરે. ૫. પંક્તિબધ્ધ ઠાકોરજીનો મહાપ્રસાદ ગ્રહણ કરતા ભક્તજનો. ૬. શિકાગો એરપોર્ટ પર પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. સંતોનું સ્વાગત કરતા અમેરિકા નિવાસી સંતો-ભક્તો. ૭ થી ૧૦. પાટોત્સવ પ્રસંગે વ્હીલીંગ મંદિરના બાળ-યુવકો મંડળો દ્વારા યોજાયેલ સાંસ્કૃતિ કાર્યક્રમો.









પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી યોજાયેલ પ.પૂ. લાલજી મહારાજશ્રીના અમેરિકા સત્સંગ વિચરણ દરમ્યાન હરિભક્તોના નિવાસસ્થાનોમાં પધરામણી કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા સાથે પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી, પૂ. સ્વામી શ્રી ભક્તિપ્રકાશદાસજી વગેરે સંતો.








પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં ફ્લોરિડા રાજ્યના મેલબોર્ન ખાતે યોજાયેલ પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ 'શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ' (તા. ૭ થી ૯-૬-૨૦૧૩)




જૂનાગઢ પ્રદેશના આખા (પીપલાણા)ગામને આંગણે ઉજવાયેલ 'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ'માં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. (તા. ૧૮-૫-૨૦૧૩)




જૂનાગઢ પ્રદેશના આંબલીયા (ઘેડ)ગામને આંગણે ઉજવાયેલ 'કળશ આરોહણ મહોત્સવ'માં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. (તા. ૧૯-૫-૨૦૧૩)




ગઢપુર પ્રદેશના વાંશીયાળી ગામને આંગણે ઉજવાયેલ 'વાર્ષિક પાટોત્સવ'માં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. (તા. ૨૦-૫-૨૦૧૩)




ગઢપુર પ્રદેશના નાના માચીયાળા ગામને આંગણે ઉજવાયેલ 'વાર્ષિક પાટોત્સવ'માં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. (તા. ૨૦-૫-૨૦૧૩)



# સ્વામિનારાયણ ચિંતન

વર્ષ :- ૧ | અંક :- ૬ | તા. ૨૦-૦૬-૧૩

**પ્રયોજક :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**

:: પ્રસિદ્ધ કર્તા ::

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ
પીઠસ્થાન સંસ્થાન -વડતાલ વતી

**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫.

:: પ્રકાશક/માલિક/તંત્રી :: સાધુ પતિતપાવનદાસજી
:: સંપાદક :: સ્વામી આનંદસ્વરૂપદાસજી(વેદાંતાચાર્ય)

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું
રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના જૂન માસથી પ્રારંભાયેલું,
દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં
આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

:: લેખન / સંકલન ::

સાધુ અમૃતસ્વરૂપદાસજી તથા
પા. સર્વમંગલ ભગત તથા પા. સંદિપ ભગત
ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

## અનુક્રમણિકા

૧ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આપેલ આશીર્વાદાત્મક અમૃતવાણી - જગન્નાથપુરી ૦૬
- તા. ૧૦-૦૧-૨૦૧૩ - પ્રથમ સત્ર ૦૬
- તા. ૧૦-૧-૨૦૧૩ - દ્વિતીય સત્ર ૦૮
- તા. ૧૧-૧-૨૦૧૩ - પ્રથમ સત્ર ૧૦

૨ અસ્મિતા એક ભારતીય સુસંસ્કૃત આદર્શ યૌવનની... ૧૨

૩ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સત્સંગ પરિભ્રમણ ૨૦૧૩ ૨૮

૪ શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારમાં ઠાકોરજીનો થાળ તથા સંતો - ભક્તોને રસોઈ દેનારની શુભ નામાવલી ૨૯

૫ સત્સંગ સમાચાર પત્રિકા... ૩૦
- સ્વામી ઘનશ્યામદાસજી - રઘુવીરવાડી તથા સાધુ ધર્મવલ્લભદાસજી - સરધાર

૬ અગીયામી શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા..... ૩૫
- સંકલિત

૬ હેરો-લંડનને આંગણે શ્રી સ્વામિનારાયણ મહોત્સવ ૩૬
- સંકલિત

:: લવાજમ દર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર ::

'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
**Visit us :** www.sardharkatha.net
www.swaminarayanvadtalgadi.org
**E-mail :-** sardharmandir@gmail.com

:: લવાજમ દર ::

બે વર્ષઃ રૂા. ૧૬૦/-
પંચવાર્ષિક : રૂા. ૩૫૦/- • પચ્ચીસ વર્ષ : રૂા. ૭૫૦/-
પરદેશમાં લવાજમ : $ 200 U.S.A.,• £ 125 U.K.

લક્ષ્ય
વિશ્વ का कल्याण हो...

લક્ષ્ય ટી.વી.
ચેનલ દ્વારા
સમગ્ર ગુજરાતમાં ઘેર
બેઠા આપ માણો....

પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની
દિવ્ય અમૃતવાણી
સમય : દરરોજ

પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે
સત્સંગ કથાપારાયણ
સમય : દરરોજ રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦

પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના શ્રીમુખે
સત્સંગ કથામૃત
સમય : દરરોજ સવારે ૬.૦૦ થી ૭.૦૦

છબીકલા : શ્રીહરિકૃષ્ણ વિડિયો વિઝન - સુરત. મો. ૯૪૨૮૯૯૫૫૧૩.
શિવલાલ સુદાણી - બારમણ, મો. ૯૮૭૯૨૬૯૫૪૦ શ્રીહરિ ડીઝીટલ સ્ટુડીયો - સુરત. મો. ૯૯૨૫૦૩૦૨૫૦

# જગન્નાથપુરી



જગન્નાથપુરીને આંગણે ઉજવાયેલ **'શ્રી જગન્નાથપુરી મહોત્સવ'** પ્રસંગે
પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આપેલ આશીર્વાદાત્મક અમૃતવાણી

*આપણામાંથી કોઈ સંતો કે હરિભક્તો એને ભગવાન શ્રીહરિના અક્ષરધામમાં જવાનો સમય આવે ત્યારે મહારાજની સમક્ષ આપણે કંગાળ અને પાંગળા ન દેખાઈએ એના માટે આ દાખડો છે. આજે અમને આનંદ અને ગર્વ છે કે, સત્સંગ સમાજ એ દિશામાં અગ્રેસર થયો છે. આજે હરિભક્તો શાસ્ત્રોનું અધ્યયન કરતા થયા છે, સિદ્ધાંતોને સમજતા થયા છે, એટલું જ નહિ પણ એ સિદ્ધાંતોને પોતાના જીવનમાં ઉતારવા માટે કટિબધ્ધ થયા છે.*

**તા. ૧૦-૦૧-૨૦૧૩ - પ્રથમ સત્ર**

**સંપાદક :-** સાધુ અમૃતસ્વરૂપદાસજી

ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

આ સંસારમાં દરેક જીવાત્મા પોતાના મોક્ષની કામના કરે છે. અને મોક્ષપથ ઉપર ચાલવાના સંકલ્પ પણ કરે છે. પરંતુ જ્યાં આત્મવિશ્વાસ, શ્રદ્ધા અને ઉપાસના-ભક્તિનો અભાવ હોય એવા વ્યક્તિઓ પોતાની સફર ક્યારેય પૂરી કરી શકતા નથી.

એક **દૃષ્ટાંત** છે. એક પોલીસ સ્ટેશનમાં ઈન્સપેકટર સાહેબ બેઠા હતા. ત્યારે એનો જમાદાર દોડતો દોડતો ત્યાં આવે છે. એટલે સાહેબ કહે : "કેમ આટલો બધો હાંફે છે ? ક્યાંથી આવે છે ?" ત્યારે જમાદાર કહે : "મારે અહિંથી ચાર-પાંચ કીલોમીટર દૂર સુરક્ષાની ડ્યુટી લાગી છે ત્યાં ઊભો હતો ત્યારે એક ચોર કોઈના પૈસા ચોરીને ત્યાંથી નાસ્યો." એટલે સાહેબે જમાદારને પૂછ્યું : "તમે શું કર્યું ?" તો કહે : "હું એની પાછળ દોડ્યો." પછી ? તો કહે : "તેણે ગતિ વધારી." "તમે શું કર્યું ?" "મેં મારી ગતિ વધારી." પછી ? "સાહેબ ! એ વધારે દોડવા માંડ્યો." "તમે શું કર્યું ?" "હું પણ વધારે દોડવા માંડ્યો." પછી ? "પછી શું સાહેબ ! હું પહેલો આવવા દેતો હોઈશ. હું અહિંયા પહેલો આવ્યો."

આ દૃષ્ટાંત સમજાય છે ? અમારું કામ કલ્યાણ માટે, ભગવાનને રાજી કરવા માટે છે. પરંતુ અમારું કામ માત્ર પહેલું આવવાનું નથી. અમારું કામ આત્યંતિક કલ્યાણના માર્ગમાં સર્વે કોઈ જીવાત્મા અગ્રેસર થાય એ જોવાનું પણ છે. એટલે તમે સહુ આગળ વધો, અમે પાછળ પાછળ આવીએ છીએ.

શ્રીમદ્ સત્સંગિજીવન કથાના માધ્યમથી ભગવાન શ્રીહરિના દિવ્યલીલા-અનેક ચરિત્રો સાંભળ્યા. ભગવાન શ્રીહરિએ આ સંસારમાં પોતાના ઐશ્વર્ય-પ્રતાપથી અસંખ્ય જીવાત્માઓને **મંત્રમુગ્ધ** કર્યા છે. શ્રીજીમહારાજે તો ત્યાં સુધી **ઐશ્વર્યના દોર** છૂટા મૂક્યા છે કે, મહારાજની ઘુઘરીઓવાળી ચાખડીઓનો રુમઝુમ રુમઝુમ અવાજ સાંભળે એને સમાધિ થાય, સ્વામિનારાયણ નામનું ઉચ્ચારણ કરે તેને પણ સમાધિ થાય અને સમાધિમાં અક્ષરધામના, મુક્તોના ને ભગવાન શ્રીહરિ દિવ્ય દર્શન થાય પછી એ જીવાત્માને **ભગવાનપણાની પ્રતીતિ** થાય.

ભગવાન શ્રીહરિએ જોબનપગી જેવાનો પણ ગર્વ ઉતારીને પોતાના સ્વરૂપની **ઓળખાણ** કરાવીને શરણે લીધા છે. ભગવાનના અનેક નામો છે. એમાં એક **'અધમઉદ્ધારણ'** નામ છે. ભક્તોનું તો કલ્યાણ કરે પણ અધમનો પણ જે ઉદ્ધાર કરે એવા સર્વોપરી ભગવાન શ્રીહરિ આપણને પ્રાપ્ત થયા છે એ આપણા મહાભાગ્ય છે. એકવખત ગાયકવાડ સરકારે જોબનપગીને કહ્યું કે, સ્વામિનારાયણને તમે ભગવાન કેમ માનો છો ? એમાં તમે શું ઐશ્વર્ય-પ્રતાપ ભાળી ગયા ? ત્યારે જોબનપગીએ બહુ સુંદર ઉત્તર આપ્યો કે, ચરોતરથી લઈને પુના-સતારા સુધી જેની હાક વાગે, નાના-નાના રજવાડાઓ નહિ પણ આ ગાયકવાડ સરકાર અને ખુદ અંગ્રેજ સરકાર જેનાથી ત્રાસ પામે. એ જોબન

વડતાલાના હાથમાં આજે શસ્ત્ર નહિ, પણ માળા છે એ જ મોટું પ્રમાણ છે.

જ્યારે ભગવાનના સ્વરૂપમાં દઢ નિષ્ઠા થાય છે ત્યારે પોતાના ગમે સ્વભાવો ટાળીને ભગવાનના શરણે જઈએ ત્યારે કેવી પરમપદની પ્રાપ્તિ થાય એના અનેક દૃષ્ટાંતો આપણને જોવા મળે છે. અને જો ભગવાનના સ્વરૂપમાં મનુષ્યભાવ પરઠાઈ જાય તો ગમે તેટલી સિદ્ધિને પામ્યા હોય તોપણ કલ્યાણના માર્ગમાંથી પડી જાય છે.

એભલબાપુએ વિઠ્ઠલાનંદ અને બાળાનંદના વચનમાં વિશ્વાસ રાખીને **ઉમેજ** ગામથી લીંબવૃક્ષનો છોડ લાવીને પોતાના દરબારગઢમાં રોપ્યો હતો. કારિયાણીથી ભગવાન શ્રીહરિને પોતાના દરબારમાં લાવવા માટે વ્રત રાખીને જે આતુર બન્યા હોય એવા **એભલબાપુ**ને જગતના લોકોએ મે'ણા માર્યા છે ત્યારે સંશય થયો છે. ભગવાનના સ્વરૂપમાં ભગવાનપણાની પ્રતીતિ તૂટી છે ત્યારે ભગવાન શ્રીહરિને મારવા માટે હાથમાં મોટી તલવાર પકડી છે. પરંતુ ભગવાનના ઐશ્વર્યના દર્શન કર્યા છે ત્યારે ભગવાનના મનુષ્યચરિત્રોનો જે પડદો હતો તે હટી ગયો છે. અને પછી બહુ પશ્ચાતાપ થયો.

જગત તો ઘણું બધું બોલે છે, જગત પોતાના સ્વાર્થની પૂર્તિને માટે અનેક પ્રકારે અર્થના અનર્થો કરીને વ્યક્તિને સત્સંગના, ધર્મના માર્ગ પરથી ચલિત કરવાનો પ્રયત્ન કરે છે. અને એમાં થોડીક પણ બેદરકારી રહી જાય તો એ બહુ મોટું નુકસાન કરે છે.

ગઢાળી ગામના **આંબાશેઠ** ભગવાન શ્રીહરિને અર્પણ કરવાને માટે એલાયચીના પાણીમાં દાતણ પલાળીને રોજ ચાલીને વહેલી સવારે ભગવાન શ્રીહરિ જાગે તે પહેલા ગઢાળીથી ગઢપુર આવે. એ દાતણથી ભગવાન શ્રીહરિ દાતણ કરે. આ રીતે મહારાજનો મહિમા સમજતા હતા તોપણ મહાપ્રભુ શ્રીહરિએ અદીબાને ખંભે હાથ મૂક્યો ત્યાં સંશય થઈ ગયો. પછી સંતોના સમાગમથી પશ્ચાતાપ થયો. પરંતુ શ્રીજીમહારાજે પરીક્ષા કરી. ગઢાળીથી આંબા શેઠ ગઢપુર આવવા નીકળ્યા તો મહારાજ ગઢપુરથી નીકળી સાળંગપુર ગયા. આંબાશેઠ ચાલતા ચાલતા સાળંગપુર ગયા. ત્યાં સમાચાર મળ્યા કે મહારાજ અહિંથી નીકળી કારિયાણી ગયા છે. ત્યાં પહોંચ્યા તો સમાચાર મળ્યા કે મહારાજ વડતાલ ગયા છે. રાત્રિ-દિવસ આંબાશેઠ ચાલીને વડતાલ આવે છે ત્યારે પોતે મનન કરે છે કે, હું કેવો અભાગિયો કે મેં ભગવાનના સ્વરૂપમાં સંશય કર્યો. મનુષ્યભાવ જાણી મહારાજના જે ઐશ્વર્ય-પ્રતાપો એને લાંછન લાગે એવી વાતોનો મેં સ્વીકાર કર્યો. એમ પશ્ચાતાપ કરતા કરતા આંબાશેઠ વડતાલ આવ્યા.

આંબાશેઠને જેમ જેમ પરસેવો નીતરે તેમ તેમ એના હૃદયમાં સંશયરૂપી પાપ ઘર કરી ગયું હતું એ પણ નીતરવા લાગ્યું. તેઓ નિર્મળ થઈ ગયા. શ્રીજીમહારાજે આંબાશેઠને આવતા જોઈને ઊભા થયા. એમને પ્રસાદીનો હાર પહેરાવ્યો ને એમની ખૂબ પ્રશંસા કરી. છ દિવસના ભૂખ્યા ને તરસ્યા આવેલા આંબાશેઠ માટે શ્રીજીમહારાજે થાળ તૈયાર કરાવ્યો ને પોતે જાતે પીરસી સારી રીતે જમાડ્યા.

આપણા **આત્મવિશ્વાસ**માં જ્યારે શંકા ઉત્પન્ન થાય ત્યારે ભગવાન આપણાથી છેટા જતા રહે છે. અને એ વાત સમજાય અને ભગવાનના સ્વરૂપમાં સંપૂર્ણ નિશ્ચય દઢ થાય ત્યારે ભગવાનને આપણું કોઈ કાર્ય પૂર્ણ કરવા પ્રાર્થના કરીએ તો એવું નથી કે, આપણું ધાર્યું થાય નહિ. આપણા દરેક સંકલ્પ પૂર્ણ થાય એવો ભગવાનના મહિમાનો પ્રતાપ છે. અને એનાથી વિશેષ કહીએ તો આવા સમર્થ આપણને ગુરુ મળ્યા છે. આપણામાં રહેલા કામ, ક્રોધ, લોભ, મોહ, ઈર્ષ્યા, તૃષ્ણા આદિ અંતઃશત્રુઓને ડામવામાં આપણી મદદ કરે છે. પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પોતાના **આશીર્વાદ પ્રવચન**માં ઘણીવખત વાત કરે છે કે, સામેની વ્યક્તિ એમ કહે કે આ ખોટું છે તો **સત્ય શું છે ? ધર્મ શું છે ?** અને એ સમયે આપણું પાત્ર ખાલી હોય તો આપણે કંગાલ લાગીએ. અને કંગાલ ન દેખાઈએ એટલે પહેલા તો આપણે આપણી જાતને સત્યથી વાકેફ કરવા પડશે. આપણા ચારિત્ર્યને એવા ઉજ્જવળ કરવા પડશે કે, પરિભૂષા એ તો માત્ર બાહ્ય ચિહ્ન છે. પણ અંતરથી એવો નિખાર આવશે, અંતરથી આપણે એવા શીખીને તૈયાર થઈશું તો બાહ્ય આડંબરની જરૂર નહિ પડે.

આપણામાંથી કોઈ સંતો કે હરિભક્તો એને ભગવાન શ્રીહરિના અક્ષરધામમાં જવાનો સમય આવે ત્યારે મહારાજની સમક્ષ આપણે કંગાળ અને પાંગળા ન દેખાઈએ એના માટે આ દાખડો છે. આજે અમને આનંદ અને ગર્વ છે કે, સત્સંગ સમાજ એ દિશામાં **અગ્રેસર** થયો છે. આજે હરિભક્તો શાસ્ત્રોનું અધ્યયન કરતા થયા છે, સિદ્ધાંતોને સમજતા થયા છે, એટલું જ નહિ પણ એ સિદ્ધાંતોને પોતાના જીવનમાં ઉતારવા માટે કટિબધ્ધ થયા છે. અને એ પાત્રતા આપણામાં આવશે ત્યારે આપણું પાત્ર ભરેલું લાગશે. અને આજે એવી દિવ્યતા અને મધુરતા આ સંપ્રદાયમાં વધુ મજબુત થાય તેને માટે દાખડો કરવાનો છે.

વ્હાલા ભક્તજનો ! આ જગતમાં ગમે તેટલું તમને પ્રિય અને મોટું લાગતું હોય તોપણ ભગવાનના માર્ગથી ચલિત થઈને ચાલતા હોય તો તેનો ત્યાગ કરજો. અને આપણે ભગવાનના ખોળે બેસીશું તો **'જેને જેનો આશરો, તેને તેની લાજ...'** ભગવાન પોતાના ભક્તની હંમેશા લાજ રાખે જ છે. માટે સદાને માટે ભગવાન શ્રીહરિના થઈને રહેવું.

# જગન્નાથપુરી



જગન્નાથપુરીને આંગણે ઉજવાયેલ **'શ્રી જગન્નાથપુરી મહોત્સવ'** પ્રસંગે
પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આપેલ આશીર્વાદાત્મક અમૃતવાણી

*ભગવાન શ્રીહરિએ **સંપ્રદાયની સ્થાપના** કરીને **બે માર્ગ** મોક્ષના આપણને એવા બતાવ્યા કે જેની માન્યતા સનાતન વૈદિક પરંપરાએ કરી છે, પરંતુ અમો એમ કહીશું કે, એના શુદ્ધ સ્વરૂપમાં **પોષણ** ભગવાન શ્રી સ્વામિનારાયણે આ **શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથ** દ્વારા આપ્યું છે, અને જરાપણ અતિશયોકિત નથી. અને બે માર્ગ છે **ઉપાસના** ને **ભકિત**ના.*

**તા. ૧૦-૧-૨૦૧૩ - દ્વિતીય સત્ર**

પાંચ પ્રકરણથી સભર મહાન સમ્રાટ ગ્રંથરાજ શ્રીમદ્ સત્સંગિજીવનની એટલી **વિશાળતા** અને **ઊંડાણતા** છે કે એના શિખરને કે એના પાતાળને આંબવું ઘણું કઠીન છે. એટલા માટે નહિ કે આ શાસ્ત્ર ગહન કે અઘરું છે. પણ એટલા માટે કે આ ગ્રંથ અતિ સમૃદ્ધ છે. આ ગ્રંથમાં ભગવાન શ્રીહરિના દિવ્ય ચરિત્રો દ્વારા એમના સર્વોપરિપણાની, પ્રગટપણાની અને ઐશ્વર્યપણાની **અનેક લીલાઓ** સભર કરવામાં આવી છે કે, જેનું ગાન કરતા કરતા, વાંચન કરતા કરતા કે શ્રવણ કરતા કરતા આપણી ઝોળી આપણું પાત્ર છલકાઈ જાય તોપણ તે સમૃદ્ધપણાનો પાર આવે તેમ નથી. વચનામૃતમાં **ભગવાન શ્રીહરિ** કહે છે કે, ભગવાનનો મહિમા એટલો અપરંપાર છે કે જેને નિગમ પણ અર્થાત્ વેદો પણ **'ન ઈતિ ન ઈતિ'** કહીને કલમ મૂકી દે છે. જેમ સમુદ્ર છે તેને વિષે કીડી પણ જઈને પાણી પીવે અને ચરકલું પણ પીવે ને મનુષ્ય, પશુ, ઘોડા, હાથી તથા મોટા મોટા મગર, મત્સ્ય એ સર્વે સમુદ્રનું જળ પીને બળીયા થાય છે પણ સમુદ્ર લેશમાત્ર ઓછો થતો નથી, અને જે જે જીવનું જેવું જેવું મોટું ગજું હોય તે તે જીવ તે પ્રમાણે સમુદ્રનો મહિમા વધુ જાણે છે. તેમ **ભગવાનનો મહિમા** આપણે ગમે તેટલો ગાઈએ, ગમે તેટલો શ્રવણ કરીએ તોપણ તેની ઊંચાઈ સુધી આપણે પહોંચી શકતા નથી. પરંતુ એટલા માટે શાસ્ત્રો **ઉપાય** બતાવે છે કે, કદાચ આપણે તેના પાર ન પામી શકીએ પણ જે છેડો આપણા હાથમાં આવ્યો છે તેને બરાબર પકડી રાખીએ.

સમુદ્રની સપાટીનો એકબાજુ કિનારો આપણને દેખાય છે, સામે બાજુનો દેખાતો નથી. દૃષ્ટિને દોડાવાનો ઘણો પ્રયત્ન કરીએ તો ક્ષિતિજ સુધી આપણી દૃષ્ટિ પહોંચી શકે પણ એનાથી આગળ પહોંચી શકવા આપણી દૃષ્ટિ સમર્થ નથી. પ્રયત્ન કરવો એ સારી વાત છે પણ એ પ્રયત્ન કરતી વખતે એટલું ચોક્કસ ધ્યાન રાખવું કે આપણને જે મળ્યું છે તે લૂંટાઈ ન જાય.ભગવાન શ્રીહરિએ **સંપ્રદાયની સ્થાપના** કરીને **બે માર્ગ** મોક્ષના આપણને એવા બતાવ્યા કે જેની માન્યતા સનાતન વૈદિક પરંપરાએ કરી છે, પરંતુ અમો એમ કહીશું કે, એના શુદ્ધ સ્વરૂપમાં **પોષણ** ભગવાન શ્રી સ્વામિનારાયણે આ **શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથ** દ્વારા આપ્યું છે, અને જરાપણ અતિશયોક્તિ નથી. અને બે માર્ગ છે **ઉપાસના** ને **ભક્તિ**ના. આ ઉપાસના-ભક્તિનો માર્ગ કોઈ નવો નથી, પરાપૂર્વ **વેદકાલીન સંસ્કૃતિ**થી એ પ્રથા અને પરંપરા ચાલી આવે છે પણ એ ઉપાસના-ભક્તિના સ્વરૂપમાં કેવી **પારદર્શિકતા** હોવી જોઈએ, કેવી **શુદ્ધતા** હોવી જોઈએ એનું સ્વરૂપ ભગવાન શ્રીહરિએ આપણને સમજાવ્યું છે.

શ્રીજીમહારાજ સ્વધામગમન કરતા પૂર્વે **ઉપાસના-ભક્તિનો માર્ગ** કાયમ પ્રશસ્ત રહે તે માટે પોતે કરેલો દાખડો, પોતાના નંદસંતો પાસે કરાવેલો દાખડો એ વ્યર્થ ન જાય એના માટે સંપ્રદાયનું **'બંધારણીય માળખું'** તૈયાર કરાવ્યું છે.

ભગવાન શ્રીહરિ **વચનામૃત**માં કહે : મનનો સ્વભાવ અતિ ચંચળ છે. મનને વિષયોમાંથી પાછું વાળીને ભગવાનના સ્વરૂપમાં જોડવું. જેથી એ સ્થિરતાને પામે. અને એ મનને સ્થિર કર્યા પહેલા મૃત્યુનો સંકલ્પ ન કરવો. પોતાની દૃઢતાનું અંગ તપાસ કર્યા પછી

ધામમાં જવાનો સંકલ્પ કરવો. ઘણીવખત એવું બને કે, ગાડીમાં પેટ્રોલ પૂરું ભરાવ્યું ન હોય તો અધવચ્ચે માર્ગમાં ઊભું રહેવાનું થાય. પછી ગુજરાતીમાં કહેવત છે તે પ્રમાણે **'ન ઘરના ન ઘાટના'** એવી પરિસ્થિતિ ન સર્જાય એટલા માટે શ્રીજીમહારાજ કહે છે કે જ્યારે તક મળી હોય ત્યારે પોતાના અંગને પરિપક્વ કરી લેવું જોઈએ.

શ્રીજીમહારાજે પધરાવેલા દેવો અને અક્ષરધામમાં બિરાજમાન મહારાજનું સ્વરૂપ એમાં રતિ માત્ર ફેર નથી. અમારા સ્વરૂપને જે વળગીને રહેશે, અમારી બાંધેલી મર્યાદામાં જે રહેશે એ જ અમને પામશે એમ માનજો. બીજો માર્ગ **સત્શાસ્ત્ર** છે. અર્થાત્ મુમુક્ષુઓને માર્ગદર્શન પ્રાપ્ત થતું રહે એવો બતાવ્યો છે.ત્રીજો માર્ગ એ છે કે, આ બંને પરંપરા અવિરતપણે ચાલતી રહે એના માટે **આચાર્ય પરંપરા**ની સ્થાપના કરી છે. અત્યારે આપણે જે આનંદ લઈએ છીએ એ ભગવાન શ્રીહરિએ આપણને પરંપરા આપી છે તેના કારણે લઈએ છીએ.

આ કળિયુગમાં માણસને **અનેક પ્રકારની વિટંબણાઓ** એમાંથી મુક્ત થવું છે તેના માટે વ્યક્તિ અલગ-અલગ આશ્રય કરે છે. એક વ્યક્તિને પૂછવામાં આવ્યું કે, દારુ કેમ પીઓ છો ? તો કહે, આ સંસારમાં, મારા પરિવારમાં દુઃખ બહુ છે તેને ભૂલવા માટે પીઉં છું. વ્યક્તિ પોતાના દેહભાન ભૂલવા માટે દારુનું સેવન કરે છે તોપણ દુઃખ ઓછું થતું નથી. દુઃખ તો ત્યાંનું ત્યાં જ રહે છે. પણ બુદ્ધિ મંદ પડી ગઈ તેથી વ્યક્તિને એમ લાગે છે દુઃખ ટળી ગયું છે. આ વાત બહુ સમજવા જેવી છે. ધ્યાન કરવાનું જ્યારે કહીએ છીએ ત્યારે પણ શરીરભાવથી આત્મભાવ સુધી પહોંચવાનો માર્ગ બતાવવામાં આવે છે. અને માર્ગ એવો છે કે જગતની સાથેનો સંબંધ તોડીને આત્માની સાથે કેન્દ્રિત કરવાનો છે. આમાં પણ સિદ્ધાંત લાગું પડે છે કે, દેહભાનથી પર થવું પણ બંનેને ફરક છે. એક જે નશો કરવાથી દેહભાન ભૂલે છે એ સાથે સાથે વિવેક પણ ભૂલે છે. જ્યારે ધ્યાન અવસ્થામાં વ્યક્તિ પોતાનું દેહભાન ભૂલે છે ત્યારે વ્યક્તિ પોતાના નિયંત્રણમાં હોય છે. ક્યારેય વિવેક-મર્યાદા મૂકતો નથી. આ બહુ **મોટો તફાવત** છે. દારુ પીઈને વ્યક્તિ ગટરમાં પડ્યો હોય, ધ્યાનમાં બેઠેલો વ્યક્તિ ગટરમાં ન પડ્યો હોય. પોતાના શરીરની બેકાળજી કરવી એ માત્ર દુઃખનું નિવારણ નથી. પણ એમાંથી આત્મજ્ઞાન પ્રગટે છે, નવી ચેતના સૂઝે છે એમાંથી માર્ગ પ્રગટે છે. એ માર્ગ દ્વારા દુઃખનું નિવારણ શક્ય છે. અને એ વાસ્તવમાં એનો ઉપાય છે. વ્યક્તિ એમ કહેતો હોય કે, અમે આ બધા વિષયોના સાધન વસાવીએ તો અમને સુખ મળે છે. પણ અમારું માનવું એવું છે કે, સુખ સાધનથી નથી મળતું, સાધનાથી મળે છે. આપણે એમ કહીએ છીએ કે, **પરસેવાનો રોટલો** મીઠો હોય. પરંતુ પરસેવો બે પ્રકારે આવે. એક વિના મહેનતનું કાળું ધોળું કરીને નાણું ભેગું કર્યું હોય ત્યારે ઈન્કમટેક્ષનો દરોડો પડે ત્યારે પરસેવો પડે. અને બીજી બાજું વ્યક્તિ પોતાની મહેનતથી મજૂરી કરી ધન ઉપાર્જન કરે અને એની કમાણીથી સાંજે કદાચ એનો રોટલો બનાવીને જમે તો મીઠો લાગે છે. કારણ કે, એમાં મહેનત જોડાયેલી છે. આ વાત એટલે સમજાવું છું કે, **સત્સંગનો માર્ગ** કેવો છે ? સાધનનો કે સાધનાનો.

ભગવાનનું સુખ શેમાં રહેલું છે ? માત્ર સાધને કરીને કે સાધનાએ કરીને ભગવાન રાજી થતા નથી. શાસ્ત્રો એમ કહે છે કે, જીવાત્મા ભાવથી ભક્તિ-સેવામાં મગ્ન થઈને જે જે કાર્ય કરે એ એક પ્રકારની સાધના જ છે. ભગવાનને પ્રસન્ન કરવાને અર્થે જે કાર્ય કરે છે એમાં પોતાના હૃદય, મન, બુદ્ધિની એકાગ્રતાની સાથે સમજણપૂર્વક કરે છે. માટે એ **સાધના** છે. ઘણાય કદાચ અખાડા ઊભા કરે એમાં ધુણી ધખાવે ને એમ કહે હું સાધના કરું છું તો એ સાધના નથી. વેશ-પરિવેશ ધારણ કર્યો છે એટલે સાધન છે. પરંતુ જ્યારે એમાં ભક્તિનો, આત્માનો અને દૃઢતા-નિષ્ઠાનો ભાવ ભળે છે, ત્યારે સાધના થાય છે. અને સાધનાથી **સુખની પ્રાપ્તિ** થાય છે. આ શાસ્ત્રોનો **સનાતન મત** છે અને એ મતને આપણે સર્વે સમજ્યા છીએ એ આનંદની વાત છે. આજે આ જગન્નાથપુરીમાં નવ-નવ દિવસ સુધી કરોડો રૂપિયાના વ્યાપાર-ધંધાને સ્થગિત કરીને યજમાન નિસર પરિવાર અને હજારોની સંખ્યામાં પધારેલ હરિભક્તોએ કથાવાર્તાનો લાભ લઈને માત્ર ને માત્ર ભગવાન શ્રીહરિને રાજી કરવા સાધના કરી છે. માટે આજે આપણા હૃદયમાં સુખ વર્તે છે. માત્ર બાહ્ય દેખાવ કરીને ઊભું કરેલું હોત તે સાધનની સંજ્ઞા પામત, પણ આ મહોત્સવમાં દરેકના હૃદયનો ભાવ ભળેલો છે, ભક્તિ ભળેલી છે તેથી આ સાધના છે. આવી સાધનાનું સુખ **હંમેશા ફળદાયી** છે, સુખકારી હોય છે.

ઘણીવખત પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પોતાની **અમૃતવાણી**માં કહે છે : ''માળા હોય એનો પ્રથમ મણકો **આચાર્યશ્રી** છે, બીજો મણકો **સંતો** છે, ત્રીજો મણકો **હરિભક્તો** છે અને **મેર સ્વરૂપે** સ્વયં સર્વાવતારી **ભગવાન શ્રી સ્વામિનારાયણ** છે. ૧૦૮ મણકાને એક તાંતણે ગૂંથવામાં આવે ત્યારે **માળા** બને છે. એ મણકા આમ-તેમ ગમે તેમ ડોલતા હોય તોપણ જ્યાં સુધી એક સૂત્રથી બંધાયેલા છે ત્યાં સુધી એ ક્યારેય વિખૂટા નહિ પડે. અને એ માળા દ્વારા ભગવાન શ્રીહરિના સ્વરૂપમાં વૃત્તિ એકાકાર થશે. પરંતુ જે દિવસે સૂત્ર નીકળી ગયું, એકતારૂપી દોરી તૂટી જાય ત્યારે માળા વેર-વિખેર થઈ જશે. પછી એ ૧૦૮ મણકા સાધના માટે કોઈ કામના નહિ રહે. તેમ શ્રીજીમહારાજે આ ષડંગી સંપ્રદાયને સિદ્ધાંતરૂપી, એકતારૂપી એક સૂત્રે બાંધેલો છે. એ સિદ્ધાંતને જ્યાં સુધી આપણે વળગી રહીશું ત્યાં સુધી આવું ને આવું સુખ આપણને પ્રાપ્ત થતું રહેશે.''

ભગવાન શ્રીહરિએ સ્થાપિત સિદ્ધાંતો અને વર્તન એ આપણા જીવનનું **પ્રાધાન્ય** હોવું જોઈએ. અને એ દ્વારા શ્રીજીમહારાજનો **રાજીપો** આપણને પ્રાપ્ત થાય છે. એમાં કોઈ શંકાને સ્થાન નથી. આ સૂત્રતાનો સંકલ્પ આ જગન્નાથપુરી મહોત્સવમાંથી આપણા જીવનમાં દૃઢ કરીએ. ભગવાન શ્રીહરિએ આશ્રિતજનોને જે જે આદેશો કર્યા છે, જે જે આજ્ઞાઓ કરી છે તેને જીવનમાં દૃઢ પાલન કરવાનો એક **લક્ષ્ય** કરીએ. આ મહોત્સવને નિર્ધારીત સમયે પૂર્ણ થશે, પરંતુ આપણા જીવનમાં ભગવાન શ્રીહરિએ પ્રગટાવેલી આજ્ઞાઓરૂપી જ્યોતનો પ્રકાશ કાયમ પ્રજ્વલિત રાખીએ તેવો હંમેશા પ્રયત્ન કરવા **કટિબધ્ધ** બનીએ. અને આ પ્રકાશ કેવળ આપણા પૂરતો સીમિત ન રાખતા, આપણા હૃદયમાં ભગવાન શ્રીહરિની સર્વોપરી ઉપાસના અને સિદ્ધાંતનો જે પ્રકાશ પથરાયો છે તે પ્રકાશ આપણા માધ્યમથી હજારો

અનુસંધાન પેજ - ૨૭ પર...

# જગન્નાથપુરી



જગન્નાથપુરીને આંગણે ઉજવાયેલ **'શ્રી જગન્નાથપુરી મહોત્સવ'** પ્રસંગે
પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આપેલ આશીર્વાદાત્મક અમૃતવાણી

*આપણને કદાચ ચિરંજીવી થવાનું વરદાન ન મળે કે ન માંગીએ પણ ભગવાન શ્રીહરિ પાસે એટલું તો જરૂર વરદાન માંગીએ કે, અમારો શ્વાસ જ્યાં સુધી ચાલે ત્યાં સુધી આપની લીલાચરિત્રો રૂપી કથામાં અમને પ્રીતિ રહે તેવો આશિષ જરૂર આપજો. જ્યાં જ્યાં આપના ચરિત્રોનું ગાન થતું હોય, જ્યાં લીલાચરિત્રો રસપાન કરવા મળે ત્યાં ત્યાં અમને અનુરાગ થાય, પ્રીતિ થાય, એવો અમારો સ્વભાવ થાય, એવું અમારું વર્તન થાય, સ્વભાવ થાય, એવી અમારી બુદ્ધિ થાય એવો* ***આશીર્વાદ*** *આપજો. અને એ જ આપણે* ***સેવ*** *કરીએ.*

**તા. ૧૧-૧-૨૦૧૩ - પ્રથમ સત્ર**

રાજા પ્રતાપસિંહ આ શ્રીમદ્ સત્સંગિજીવન કથાનું શ્રવણ કરીને પછી **મનન** અને **નિદિધ્યાસ** નિયમિત કરતા. અને એમણે કરેલી જે ભક્તિ એના ફળ સ્વરૂપે ભગવાન શ્રીહરિએ એમને પ્રત્યક્ષ દર્શન દીધા છે. આ કથા દ્વારા ભગવાન શ્રીહરિના **પ્રત્યક્ષ દર્શન** થાય એ જ મોટામાં મોટી **પ્રાપ્તિ** છે. પણ એ પ્રાપ્તિ મેળવવા માટે જીવાત્માએ કેવો માર્ગ અપનાવવો જોઈએ ? કેવી પાત્રતા હોવી જોઈએ ? કેવો **ઉપાય** કરવો જોઈએ ? તમામ બાબતોનું આ કથા દરમ્યાન આપણે મંથન કર્યું છે.

આજે અંતિમ ભાગમાં **'સેવ'** કરવાનો (નિત્યસ્વરૂપ સ્વામીએ સેવ કરવાનો **બહુ સારો શબ્દ** આપી દીધો છે, તે યાદ રહેશે.) પ્રસંગ આવ્યો છે ત્યારે આ **સમગ્ર કથાના સારરૂપે** આપણે જોઈએ તો બે શબ્દોમાં તમામ કથાનો સમાવેશ થઈ શકે. એવું જે ભગવાનને મેળવવાનું સાધન એ છે **'ધર્મ અને ભક્તિ.'** જેને ભગવાન શ્રીહરિએ પણ આ ગ્રંથના અંતમાં **આદેશ** કર્યો છે કે, ભલા થઈને ધર્મને સાચવજો. બીજી વાત આ શ્રીમદ્ સત્સંગિજીવન, શિક્ષાપત્રી આદિક ગ્રંથોના માધ્યમથી **ઉપદેશ** કર્યો છે કે, પોતાના ધર્મને સાચવી ભગવાનની **એકાંતિક ભક્તિ** કરજો. જે ધર્મ અને ભક્તિને અનુસરવાથી જીવાત્માને પ્રગટ ભગવાન શ્રીહરિની પ્રાપ્તિ થાય છે તેમાં જરાપણ સંશયને સ્થાન નથી. આ વાતને હૃદયકમળ રૂપી હાર્ડડિસ્કમાં મૂકી સેવ કરી રાખજો. જેથી કરીને ગમે તેવી વિટંબણાઓ કે પરિસ્થિતિ આવે તોપણ આ વાત ક્યારેય ભૂલાય નહિ એનું સતત **અનુસંધાન** રાખજો.

આ મહોત્સવમાં નવ-નવ દિવસ સુધી હજારો હરિભક્તોની આવક-જાવક રહી છે તોપણ (પૂર્ણાહુતિ પ્રસંગે પણ) હરિભક્તોની સભા અકબંધ રહી છે. એટલે મનમાં એમ થતું કે, કદાચ દેવતાઓ, મુક્તો પણ દિવ્ય સ્વરૂપ ધારણ કરીને આ સભામાં બેઠા હશે. ભગવાન શ્રી રામચંદ્રજી લંકાથી વિજય પ્રાપ્ત કરીને અયોધ્યા પાછા પધાર્યા ત્યારે એક માસ રોકાણ કરીને સહુને પોતપોતાના સ્થાને પરત જવાનો અવસર આવ્યો ત્યારે હનુમાનજીને પણ વિદાય આપી. તે વખતે હનુમાનજી કહે : પ્રભુ ! મને અહીંયાથી જવાનું મન નથી થતું. પરંતુ ભગવાને આજ્ઞા કરી કે, સંસારનો ક્રમ રહ્યો છે કે એક કાર્ય પૂર્ણ થાય એટલે બીજા કાર્યનો પ્રારંભ કરવો પડે. તેમ આજે પણ આ જગન્નાથપુરી મહોત્સવમાંથી કોઈને પણ જવાનું મન નથી થતું. જે ગયા છે તે પણ ભર્યા મને ગયા છે, અને અમને પણ આ ક્ષણો વસમી લાગે છે. આજે આપણે **જગન્નાથપુરી મહોત્સવ** વિરામ કરીએ છીએ પણ **શ્રીમદ્ સત્સંગિજીવન કથા**નો વિરામ થતો નથી. આ ગ્રંથ તો **અવિરતપણે વહેતી ગંગા** છે, આમાં હજારો જીવાત્માનું **કલ્યાણ** સમાયેલું છે. માટે આ કથાને તો અનંતવાર વહેડાવી છે અને વહેતી રહેશે.

ભગવાન શ્રી રામચંદ્રજીએ આજ્ઞા કરી ત્યારે દાસાનુદાસ **હનુમાનજી મહારાજ** કહે : પ્રભુ ! મને એક વરદાન આપો ત્યારે અહિંથી હું વિદાય લઈશ. આ સંસારમાં જ્યારે જ્યારે - જ્યાં જ્યાં ભગવાનના લીલાચરિત્રોનું ગાન થતું હોય ત્યાં ત્યાં હું જઈ

શકું. અને કથાશ્રવણના માધ્યમથી આપના પ્રત્યક્ષ દર્શનની ઝાંખી કરી શકું. આવું મને વરદાન આપો. ત્યારે ભગવાને તેમનું **વરદાન** આપ્યું છે કે, જ્યાં સુધી કથાનું ગાન થતું રહેશે ત્યાં સુધી તમને કથાશ્રવણનો લાભ મળતો રહેશે માટે તમો **ચિરંજીવી** થશો.

કહેવાનું **તાત્પર્ય** એ છે કે, આપણને કદાચ ચિરંજીવી થવાનું વરદાન ન મળે કે ન માંગીએ પણ ભગવાન શ્રીહરિ પાસે એટલું તો જરૂર વરદાન માંગીએ કે, અમારો શ્વાસ જ્યાં સુધી ચાલે ત્યાં સુધી આપની લીલાચરિત્રો રૂપી કથામાં અમને પ્રીતિ રહે તેવો આશિષ જરૂર આપજો. જ્યાં જ્યાં આપના ચરિત્રોનું ગાન થતું હોય, જ્યાં લીલાચરિત્રો રસપાન કરવા મળે ત્યાં ત્યાં અમને અનુરાગ થાય, પ્રીતિ થાય, એવો અમારો સ્વભાવ થાય, એવું અમારું વર્તન થાય, સ્વભાવ થાય, એવી અમારી બુદ્ધિ થાય એવો **આશીર્વાદ** આપજો. અને એ જ આપણે **સેવ** કરીએ.

ડોંબીવલીના હિંતમભાઈને પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ એકવાર કહ્યું હતું કે, જેવો પ્રેમ તમને અમારા પ્રત્યે છે અને તમારી આંખ આંસુથી ભરાઈ ગઈ છે. તેના કરતા પણ અતિ વિશેષ પ્રેમ ભગવાન શ્રીહરિ સાથે કરજો.હેત-પ્રેમ કરવા યોગ્ય એક ભગવાન છે, હૃદયને સોંપ્યા જેવા એક ભગવાન છે, મન અર્પણ કરવા જેવા એક ભગવાન છે, જીવ સમર્પિત કરવા જેવા એક ભગવાન છે માટે ભગવાન શ્રીહરિમાં પ્રીતિ કરજો. આજે અમો પણ સર્વે હરિભક્તોને એ જ સંદેશ આપીએ છીએ કે, આ કથાનું જે કાંઈ ફળશ્રુતિ હોય તો એ ભગવાન શ્રીહરિના સ્વરૂપમાં **અખંડ પ્રીતિ** કરજો એવી અમારી **ભલામણ** છે.

આ મહોત્સવનો જેણે સંકલ્પ કર્યો છે, જેનું નિર્માણ કર્યું છે, આયોજન કર્યું છે એવા યજમાન નિસર પરિવારને અમો હૃદયના આશીર્વાદ સાથે બિરદાવીએ છીએ. ખૂબ મોટી સાહસ કરીને આ સંકલ્પને પૂર્ણ કર્યો છે અને જેના હૃદયમાં ભગવાનની હામ હોય તેના ભગવાન બેલી હોય છે. આપણે કહીએ છીએ કે, **'જેને રામ રાખે એને કોણ ચાખે'** જેની ભગવાન સહાય કરે તેની કોઈ કાળમાં ત્રુટી ન રહે. ભગવાને સદ્‌લક્ષ્મી આપી, સદ્‌બુદ્ધિ આપી માટે આવી પ્રેરણા થઈ છે.

આ મહોત્સવનું નિર્માણ કરવા માટે જેણે **તનતોડ મહેનત** કરી છે એવા અમારા યુવાન સંતો-પાર્ષદો-સ્વયંસેવકો એમને અમો હૃદયથી બિરદાવીએ છીએ. સંતો-ભક્તોએ કરેલી આ મહેનતની સમગ્ર સંપ્રદાયે **નોંધ** લીધી છે અને ભગવાન શ્રી સ્વામિનારાયણના ચોપડે પણ લખાણી છે માટે સર્વેને ભગવાન શ્રીહરિ આવાને આવા કાર્યો કરવાનું વિશેષ બળ-પ્રેરણા આપે અને હંમેશા સેવાપરાયણ રહે તેવી શ્રીજીમહારાજના ચરણોમાં પ્રાર્થના.

વક્તા **નિત્યસ્વરૂપ સ્વામી**ની જેતપુરમાં **પહેલી કથા**માં જવાનો પ્રસંગ બન્યો હતો ને આજે એમની **૩૦૦મી કથા**માં અમારે ઉપસ્થિત રહીને સાથે **સંહિતાપાઠ** કરીને ખૂબ **આનંદ** માણ્યો છે. વક્તાશ્રી ભગવાનના ચરિત્રોમાં ક્યાંક ઊંડાણપૂર્વક અને ક્યાંક ટૂંકાણપૂર્વક ઉતરીને ન્યાય આપ્યો છે. આ તો 'ગાગરમાં સાગર સમાવવા જેવું' એ રીતે શ્રીમદ્ સત્સંગિજીવનના મહત્ત્વના કલ્યાણકારી ભગવાન શ્રીહરિના **ચરિત્ર-પ્રસંગો**ને **ન્યાય** આપવાનો **પૂર્ણ પ્રયત્ન** કર્યો છે. જો કે સાધુની અને વક્તાની ફરજ છે કે, ભગવાનના **ગુણાનુવાદ** ગાવા. ભગવાનના ચરિત્રોથી કોઈને **લાભ** થાય એના કરતા વક્તા જે કહેનાર છે તેને થાય છે. આ વાતને બહુ સમજીને રાખવા જેવી છે. અમારો પોતાનો પણ અનુભવ છે કે, કોઈ અમને પ્રશ્ન પૂછે ને તેનો ઉત્તર આપતા હોઈએ ત્યારે સામેની વ્યક્તિને દ્રઢતા થાય તેના કરતા અમો જેટલી વખત સમજાવીએ છીએ તેટલી વખત અમોને દ્રઢતા વધે છે. ભગવાન શ્રીહરિની **સર્વોપરી ઉપાસના** બીજાને કહેતા હોઈએ એનું જેટલી વખત આપણે જાતે વાંચન કરીએ, ગાન કરીએ તેટલી વખત એની દ્રઢતા આપણી વધુ સુદ્રઢ બને છે. માટે વક્તા નિત્યસ્વરૂપ સ્વામીએ ખૂબ સુંદર રીતે શ્રીમદ્ સત્સંગિજીવનની કથા સંભળાવી છે. તેને પણ અમારા ધર્મકુળ પરિવાર સહિત હૃદયના **ખૂબ ખૂબ આશીર્વાદ** છે.

આ મહોત્સવમાં જે જે સંતો ઉપસ્થિત રહ્યા છે તેઓને પણ **આશીર્વાદ** છે. તેમજ હજારો સંખ્યામાં હરિભક્તોએ સભામંડપને એકેય દિવસ સૂનો થવા દીધો નથી. કથા અંતર્ગત આવતા એક-એક ઉત્સવો જે રીતે ગુજરાતમાં ઉજવી શકીએ તેના કરતા પણ વિશેષ ગુજરાતથી ૨૧૦૦ કી.મી. દૂર જગન્નાથપુરીમાં ઉત્સવો ધામધૂમપૂર્વક ઉજવ્યા છે. અને સાથે સાથે ભગવાનના ચરિત્રોનું રસપાન એકતાન થઈને જેવા ચરિત્રો આવે તે પ્રમાણે તે ચરિત્રોમાં ઓતપ્રોત થઈને શ્રવણ કર્યા છે. જેમ કે, પ્રાગટ્યોત્સવ કે ગાદિ-પટ્ટાભિષેક મહોત્સવમાં શ્રીજી સમકાલીન આનંદની અનુભૂતિ કરીને લાગણીસભર ઓતપ્રોત થઈને હરિભક્તોએ ભગવાન શ્રીહરિના સ્વરૂપને **હૃદયસ્થ કરવાનો** અનેરો **પ્રયત્ન** કર્યો છે એ બદલ સહુ શ્રોતાજનોને **ખૂબખૂબ-ખૂબખૂબ આશીર્વાદ** આપીએ છીએ. આ રીતે ધર્મ પ્રાધાન્ય, ભક્તિ પ્રાધાન્ય જીવન વ્યતીત કરીશું તો આપણા માટે **અક્ષરધામ** જરાપણ છેટે નથી.

આ જગન્નાથપુરી મહોત્સવ નિર્વિઘ્નપણે **પૂર્ણ** થયો છે. આપણે **યત્ન** કર્યો છે, તેમ છતાં પણ આ બધી જેમની સામર્થી-શક્તિનો પ્રભાવ હોય અને પોતે પણ ઉપસ્થિત રહીને આ મહોત્સવને પોતાના **આશિષ**થી નવાજ્યા છે એવા પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. અ.સૌ. માતુશ્રીના શ્રીચરણોમાં **નતમસ્તક** થઈને **વંદન** કરું છું.

અંતે સર્વકારણના કારણ, સર્વનિયંતા અને સર્વ કર્મનું **ફળપ્રદાતા** મારા ઈષ્ટદેવ **ભગવાન શ્રી સ્વામિનારાયણના પાવનકારી ચરણારવિંદમાં** નતમસ્તક થઈને આ મહોત્સવનો જે કંઈ પણ **શ્રેય** હોય, જે કંઈ **મહાનતા** હોય, જે કંઈ **મોટપ** હોય એનો **તમામ યશ** શ્રી હરિકૃષ્ણ મહારાજના શ્રીચરણોમાં **અર્પણ** કરી મહોત્સવને સમાપન જાહેર કરીને મારી વાણીને વિરમું છું.

**અસ્તુ... જય શ્રી સ્વામિનારાયણ.**



# અસ્મિતા

## એક ભારતીય સુસંસ્કૃત આદર્શ યૌવનની...

યુવાન એટલે આશાનું કિરણ, ઉત્સાહનો જોશ, જેનામાં તમન્નાનો તરવરાટ હોય, ખુમારીનો ખળભળાટ હોય. વળી, જે જોશ-હોશની મશાલ પકડી સમાજનો રાહબર બની સતત સમાજોત્થાન કે રાષ્ટ્રોત્થાન અને આત્મોત્થાનની પ્રવૃત્તિમાં રાત-દિવસ રચ્યો-પચ્યો રહેતો હોય તે જ ખરો યુવાન કહેવાય. એવા યુવાનોને પ્રસ્તુત લેખમાળાના માધ્યમથી નીરખવાનો પ્રયાસ કરીએ.



સાધુ અમૃતસ્વરૂપદાસજી તથા પા. સર્વમંગલ ભગત તથા પા. સંદિપ ભગત
ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - સરધાર

'જવાની' કે **'જુવાની'** ને **'દીવાની'** કહીને આધેડ વયે પહોંચેલા માણસો યુવાનોની ઠીક ઠીક ઠેકડી ઉડાડતા આવ્યા છે. **'જવાની'**ને 'એ તો જવાની જ' એટલે કે ચાલી જવાની એવું કહીને પણ આધેડો આશ્વાસન લેતા રહ્યા છે. સમયે સમયે યુવાનો ઉપર આ કે એવા આળ મૂકવામાં સમાજ એક છૂપો આનંદ લેતો આવ્યો છે. આવો આનંદ સાચા અર્થમાં આનંદ નથી પણ એવા સમાજનું ટૂંપણું છે.

તંદુરસ્ત સમાજ તંદુરસ્ત યુવાનોથી જ શોભતો હોય છે. જે સમાજનો યુવાન તન અને મનથી સશક્ત હોય છે એ સમાજની આજ અને આવતીકાલ ઊજળી રહેવાની. 'જવાની' ચોક્કસ 'દીવાની' છે પણ એવા દીવાનાપણમાં, ગાંડાઈ કે ઘેલાઈમાં, કશુંક કરવાની સત્યને પામવાની, લાગ્યું તે જ કરવાની-કહેવાની ભારોભાર સચ્ચાઈ હોય છે. તેવો યુવાન આજુબાજુનું, આગળપાછળનું કે આવતીકાલનું કશું વિચારતો નથી. તે જે પળમાં જીવે છે એ પળના વાસ્તવને જ વળગી રહે છે. ડહાપણ ડાહ્યાઓના 'વ્યવહારુપણા'થી એવી 'દીવાની' ઘણી દૂર રહે છે. એ તો પેલી પ્રતીતિકર પળને પકડી જીવી લે છે, માણી લે છે, પોતાની કરી લે છે અને તે માટે પ્રાણની આહુતિ આપવી પડે તો આપી પણ દે છે. યુવાની એવી ધૂન છે, જોશ છે, જોમ છે, રફતાર છે, ધ્યેય અને ધ્યાન છે. સાચું લાગ્યું તે જ કરવું, તેને જ વળગી રહેવું. તે સતત રટ્યા કરે છે **'યા હોમ કરીને પડો ફતેહ છે આગે...'** જેની જુવાની ચાલી ગઈ છે, જેને ડહાપણના વરખ ચોંટી ગયા છે એ ભલા, જુવાનીનું મૂલ્યાંકન કરે તો એ મૂલ્યાંકન કેવું હોય? હૃદયનું ને મનનું દીવાનાપણું ટકાવી રાખવું એ ઘણી અઘરી બાબત છે. આજે એક વાત આપણે સૌએ સ્વીકારવી પડશે કે તમે જેને 'દીવાની' કહો છો એની **'કહાની'** હવે સાવ બદલાઈ ગઈ છે. વિશ્વભરમાં એવી 'કહાની' એક **કરિશ્મો** સર્જવાનું **નિમિત્ત** બની રહી છે. નજર સામેના દીવા જેવા એ સત્યને જે નજરઅંદાઝ કરશે તેનો **જયવારો** હવે થવાનો નથી. ઈચ્છો કે ન ઈચ્છો - આ 'જુવાની' 'દીવાની' અત્યારે વિશ્વદ્વારે ટકોરા મારી રહી છે. વિશ્વનું હવેનું જે ભાવિ હશે તે એ જવાનીને કારણે હશે, તેના ઉપર જ એ નિર્ભર હશે. કદાચ જે દેશ પાસે એવી 'જવાની' હશે એ જ વિશ્વનું **નેતૃત્વ** કરશે.

લો, આંકડાનું સત્ય સાંભળો. જરા કાન ખોલીને સાંભળો, પૂર્વગ્રહોને બાજુએ રાખીને સુણો. ભારત જેવા દેશમાં સુડતાલીસ ટકા એવી વસ્તી છે જેમની ઉંમર વીસ સાલથી પણ ઓછી હોય! સંભવ છે કે બે હજાર પંદર સુધી પહોંચતા આ આંકડો સુડતાળીસ ઉપરથી પંચાવન ઉપર પહોંચે! કલ્પના કરો વિશ્વને વૃદ્ધત્વ પીડી રહ્યું હશે ત્યારે ભારત દેશ યુવાન બની રહ્યું હશે. એના ચહેરાની લાલીમા વિશ્વનું આકર્ષણ બની રહી હશે. આવનાર સમયમાં ભારત જો મહાસત્તા બનનારું હોય, આર્થિક સત્તા કેન્દ્ર બનવાનું હોય તો તેનું કારણ આ યુવાનો હશે. યુવાનની પ્રકૃતિ વસ્તુના એકધાર્યા નહીં, પણ બદલાતા રૂપ જોવા ટેવાયેલી છે. છેલ્લા થોડા વર્ષોમાં યુવાને તેના બદલાતા-બદલાઈ રહેલા ચહેરાનો ભારતસમેત અનેક દેશોને અનુભવ કરાવ્યો છે. તેણે સાધેલું પરિવર્તન આશ્ચર્ય પમાડે તેવું છે. તે એક નવા જ પ્રકારનું સર્જનાત્મક મિશ્રણ પોતાનામાં દાખવી રહ્યો છે. તે બોદું રિમિક્સ નથી. પરંપરાના ઉત્તમ(આદર્શ) માં તેનો રસ જાગ્યો છે અને નૂતન ક્ષિતિજો આંબવામાં તેનો ભરપૂર ઉત્સાહ રહ્યો છે.

'जो चटानो को चटका दे खानी उसीको कहते है ।
जो दिल पर नक्श हो जाये कहानी उसीको कहते है ।
तुझे क्या मालुम करीश्मा कैसा होता है ।
जो पलट दे हिमालय को युवानी उसीको कहते है ।'

યુવાન એટલે આશાનું કિરણ, ઉત્સાહનો જોશ, જેનામાં તમન્નાનો તરવરાટ હોય, ખુમારીનો ખળભળાટ હોય. વળી, જે જોશ-હોશની મશાલ પકડી સમાજનો રાહબર બની સતત સમાજોત્થાન કે રાષ્ટ્રોત્થાન અને આત્મોત્થાનની પ્રવૃત્તિમાં રાત-દિવસ રચ્યો-પચ્યો રહેતો હોય તે જ ખરો યુવાન કહેવાય. આવા યુવાનના દર્શનમાત્રથી હૃદય પ્રફુલ્લિત બની જાય અને મુખમુદ્રા પર પ્રસન્નતાની આભા પ્રસરાઈ જાય. આજના યુવાનોમાં આનાથી વિપરીત દર્શન થતું જોવા મળે છે.

**'આશામય યૌવનના પુષ્પો, અણધાર્યા મૂરઝાતા જોયા;**
**નિષ્ઠા કેરું નામ મળે ના, ઘડી ઘડીમાં ચળતા જોયા.**
**બળની તો શું વાત કરું હું, હાડપીંજરને મેં જીવતા જોયા;**
**તેજ નથી નિસ્તેજ બનેલા, માનવકેરા મડદા જોયા.**
**સિંહ સૂતને બકરા રૂપે, જ્યારે બેં બેં કરતા જોયા;**
**ત્યારે સત્ય હકીકત કહું છું, ઈશ્વરને મેં રડતા જોયા.'**

આજનો યુવાન મૂઠ્ઠી હાડકાંનો માળો લઈને હરતી ફરતી લાશ જેવો નિસ્તેજ અને માયકાંગલો દેખાય છે. તે સતત હતાશાના હીબકા ભરતો હોય છે. ડગલે ને પગલે એના જીવનમાં નિરાશા જ ડોકિયા કરતી હોય છે. બેકારીમાં રખડી રખડી રોજી-રોટી માટે ફાંફાં મારતો હોય છે. જ્યાં પોતાની જ ચિંતામાંથી મુક્ત નથી તેવો યુવાન દેશસેવા કે સમાજસેવા શું કરી શકે?

આજના યુવાનનું **વરવું ચિત્ર** જોઈ કંપારી આવી જાય છે. પેન્ટ-શર્ટના ઈન્સર્ટમાં દુર્બળ દેહે ફરતો નિસ્તેજ ચહેરો, અટિયા-પટિયા પાડેલા મોટા વાળ, મોઢાના ગલોફામાં પાન-મસાલા કે ગુટખાનો ડુચો મારેલો હોય - જ્યાં ત્યાં થૂંકતો હોય કે પિચકારી મારી દિવાલ બગાડતો હોય, ક્યારેક દારુના રવાડે ચઢી કે અન્ય વ્યસનોમાં પડી અનેક રોગોને સંઘરીને ફરતા યુવાનને જોઈ તેમના પ્રત્યે દાઝ અને દયા બંને આવે છે. આવા યુવાનોને સાબદા કરવાનું કામ ખરેખર અઘરું તો છે જ. કારણ કે, યુવાનમાં સંસ્કારની ચિંતા ન તો વડીલોને છે કે ન તો સમાજ સુધારકોને છે, ન તો આપણા નેતાઓને છે. આ બધાના મોઢામાં બસ એક જ વાત રમે છે કે, આજનો યુવાન શિક્ષિત હોવો જોઈએ. એના માટે મોટી મોટી શાળાઓ-કોલેજો ખોલવામાં આવે છે. યુવાનના શિક્ષણની ચિંતા બધાના મનમાં આવે છે, પણ સંસ્કારની ચિંતા કોને સતાવે છે? યુવાનોમાં ભણતર હોવું જોઈએ એ વાત બરાબર છે, પરંતુ ભણતરની સાથે સાથે **ઘડતર** પણ થવું જોઈએ..!! આજે કઈ કોલેજ કે કઈ શાળામાં શિક્ષણની સાથે **સંસ્કાર** આપવામાં આવે છે? એ **મોટો પ્રશ્ન** આપણી સામે છે.



પોતાની જાતને સ્માર્ટ ગણતો આજનો યુવાન પશ્ચિમી

સંસ્કૃતિના અનુકરણમાં આપણી નૈતિકતા, સંસ્કૃતિ અને અસલીયતને ભૂલી ગયો છે. પરંતુ સુકાન વિનાના વહાણની જેમ પશ્ચિમી વાયરાના ઝેરીલા લહેરખે ઢસડાઈ જતા યુવાનને એ નથી ખબર કે તે કેવડી મોટી નુકસાની વ્હોરી રહ્યો છે. **પૂર્વ** અને **પશ્ચિમ**ની સંસ્કૃતિ વચ્ચે **જમીન-આસમાન**નો **તફાવત** છે.

પૂર્વમાં બધું જ કુદરતી છે જ્યારે પશ્ચિમમાં યાંત્રિક છે. પૂર્વમાં સૂર્ય ઊગે છે, પશ્ચિમમાં આથમે છે. પૂર્વના લોકો ગાય પાળે જ્યારે પશ્ચિમના લોકો કુતરા અને સુવરોને પાળે છે. પૂર્વની સંસ્કૃતિ રુદ્રાક્ષની છે તો પશ્ચિમની સંસ્કૃતિ દ્રાક્ષની છે, પૂર્વની સંસ્કૃતિ તપોવનની છે તો પશ્ચિમની સંસ્કૃતિ ફાઈવ સ્ટાર હોટલની છે. પૂર્વ નારીને દેવી, લક્ષ્મી અને ભગવતી માને છે તો પશ્ચિમની સંસ્કૃતિ નારીને ભોગની વસ્તુ માને છે. પૂર્વમાં પ્રેમ હૈયામાં છે માત્ર હોઠ પર નહિ, તો પશ્ચિમમાં પ્રેમ માત્ર હોઠ પર હોય છે હૈયામાં નથી હોતો. પૂર્વ આત્માને શણગારવામાં માને છે જ્યારે પશ્ચિમ શરીરને લાડ લડાવવામાં માને છે. પૂર્વે ગૌતમથી લઈને ગાંધી જેવા અનેક સમર્થ મહાપુરુષો આપ્યા તો પશ્ચિમે હિટલર અને મુસોલિની જેવા લડાઈખોરો આપ્યા. પૂર્વે સીતા અને સાવિત્રી આપ્યા તો પશ્ચિમે કિલયોપેટ્રા અને હેલન ઓફ ટ્રોય આપ્યા. પૂર્વની સંસ્કૃતિ સંતોષની છે તો પશ્ચિમની સંસ્કૃતિ અસંતોષની છે. પૂર્વમાં લગ્નજીવનનું પવિત્ર બંધન છે તો પશ્ચિમમાં લગ્ન સગવડીયો ધર્મ છે. પૂર્વે આ વિશ્વને ગીતા, ઉપનિષદ્ અને શિક્ષાપત્રી જેવા મહાન ગ્રંથો આપ્યા તો પશ્ચિમે ડાન્સ-ડિસ્કો ને કેલરે સ્ટ્રેપસ્ટ્રીમ આપ્યા. પૂર્વ શબને અગ્નિદાહ દે છે તો પશ્ચિમ દફનાવે છે. પૂર્વની માતા કોલેજમાં ભણતી પુત્રીને મિત્રનો ફોન આવે તો ઠપકો આપે છે જ્યારે પશ્ચિમની માતા દીકરીને તેના મિત્રનો ફોન ન આવે તો ઠપકો આપે છે. પૂર્વે રામરાજ્ય આપ્યું તો પશ્ચિમે સામ્રાજ્યવાદ આપ્યો. પૂર્વની સંસ્કૃતિ આપવામાં માને છે જ્યારે પશ્ચિમની સંસ્કૃતિ લેવામાં માને છે. પૂર્વ વિશ્વને પંખીનો માળો માને છે તો પશ્ચિમ વિશ્વને એક વિશાળ માર્કેટ માને છે. પૂર્વમાં રક્ષાબંધન છે તો પશ્ચિમમાં વેલેન્ટાઈન ડે છે. પૂર્વ સૂર્યનો પ્રકાશ છે તો પશ્ચિમ અમાસનું અંધારું. તેમ છતાં આજનો મોર્ડન કહેવાતો યુવાન સૂર્યના પ્રકાશ જેવી ભારતીય સંસ્કૃતિને ભૂલીને અમાસના અંધારા જેવી પશ્ચિમની સંસ્કૃતિના અંધારા રસ્તા પર જ ચાલ્યો જાય છે. તેમ છતાં ખબર નહિ કેમ સમાજના ઠેકેદારો આંખે પાટા બાંધીને બેઠા છે? પણ વડીલો, સમાજસેવકો, સમાજસુધારકો કે સાધુ-સંતો-ધર્માચાર્યો આજના યુવાનને નહિ જગાડે તો કોણ જગાડશે ? ક્યારે જાગશે ? યુવાનને જગાડવા, યુવાનને સાબદો કરવા કોઈ અજ્ઞાત કવિ દ્વારા લખાયેલ પંક્તિના માધ્યમથી **પ્રેરણા** મેળવીએ :

**'પેલા પથ્થરના પાળિયા જાગે, માત લીલુડાં માથડા માગે; ઢોલ રણરાગી બુંગીયો વાગે, તારા યૌવનને મ્હેણા લાગે; દેશ સંસ્કૃતિની રક્ષા કાજે, યુવાન હવે તું સાબદો થાજે. તું જાગે તો ત્રાસવાદ ભાગે, તારા પડકારે ભ્રષ્ટાચાર નાસે; જો ને કૃષ્ણની વાંસળી વાગે, યુવાન હવે તું સાબદો થાજે. ભય-ભૂખ-ભ્રષ્ટાચાર ભાગે, ચા-બીડી-તમાકું ત્યાગે; ગુટખા-જુગાર-દારુ ભાગે, યુવાન હવે તું સાબદો થાજે. ત્યાગ-બલિદાન ધરા માગે, ઘર-ઘરમાંથી યુવાન જાગે; તું જાગે તો રોગ બધો ભાગે, યુવાન હવે તું સાબદો થાજે.'**

આપણા યુવાનોમાં દેશ-દાઝની ખુમારી ભરવા માટે તેમને બિરદાવીને, વ્યસન ત્યાગ કરાવીને, તેમનું સૌષ્ઠવ કેળવીને લજવાતી યુવાનીને બચાવવા એક ડગલું આગળ ભરવાનો સમય પાકી ગયો છે.

આ દેશમાંથી ભ્રષ્ટાચાર, અત્યાચાર, ત્રાસવાદ, ગુંડાગર્દિ અને વિવિધક્ષેત્રે વકરેલી અનેક બદીઓને નાથવા યુવાનોએ જ કાર્ય કરવાનું છે. કારણ કે, દેશનું મહાધન **'યુવાધન'** છે. આ દેશની **આન-બાન** અને **શાન** યુવાનો તમે જ છો..!! સત્ય, સેવા, ત્યાગ અને બલિદાનના પાયાની સંસ્કૃતિના યુવાનો જ રક્ષક છે. સંસ્કૃતિની રક્ષા કરવા ગામડે-ગામડેથી, શહેરો-શહેરથી અને ઘરોઘરમાંથી યુવાનો જાગે એ માટેનો વડતાલ પીઠાધિપતિ **પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના સંકલ્પબળે તેઓશ્રીના અનુગામી **પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી આદિક ધર્મકુળ આશ્રિત સંતો-ભક્તોનો **સંદેશ** છે. તેને તમો જાણો છો ? સંદેશમાં એક શક્તિ છે ! શક્તિમાં દેશભક્તિ છે ! ભક્તિમાં ત્યાગ છે ! ત્યાગમાં સેવા અને સમર્પણનું બલિદાન છે ! આ જ બલિદાનમાં **આત્મોત્થાન** છે. આવો આપણે સૌ સાથે મળી રાષ્ટ્રનિર્માણ અને આત્મશ્રેયના પાયામાં પ્રાણ પુરવા માટે આજના ખડતલ અને ખમીરવંતા યુવાનોને જગાડવાનો **નિર્મળ પ્રયાસ** કરીએ...!!!

આજની આ વિકટ અને વિષમ પરિસ્થિતિમાં અનેક જીવાત્માઓ અટવાઈ ગયા છે. તેમના **સહાયરૂપ** થવા યુવાનોએ જ આગળ આવવું પડશે. દેશની તમામ પ્રજાની દૃષ્ટિ કે નજર યુવાનો પર જ છે. એટલે યુવાનોએ કભાવે કે સભાવે પણ સાબદા બની ઘર-કુટુંબ અને ગામની સુરક્ષા કરતા કરતા રાષ્ટ્ર સુરક્ષા અને આત્મશ્રેય માટે સાબદા રહેવું જ પડશે.

યુવાનોની ખુમારીને જગાડવા માટે એક કવિના **શબ્દો** છેઃ-

You are the Stone.
You are the Chisel.
You are the Sculptor.

હે યુવાન ! તું જ સંગેમરમર છે, તું જ ટાકણું અને તું જ હથોડો છે, તું જ શિલ્પી છે.

યુવાન ! તું આ વિમલ વિશ્વની વાટે ચકલીની જેમ ચીંચીં કરવા નથી આવ્યો, પરંતુ સિંહની જેમ ગર્જના કરવા આવ્યો છે. તારી લોખંડી સંકલ્પ શક્તિથી એવા પરાક્રમો કર કે સ્વયં વિધાતા તારા પરાક્રમોથી દંગ થઈ જાય..!! તારા ખમીર, ખુમારી અને ખાનદાનીથી **ઈતિહાસના રૂપેરી પાના પર** તારી **સોનેરી મુદ્રા** તું અંકિત કરી દે. 'ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ' તો શું પરંતુ સમગ્ર વિશ્વ તારા **નામ**થી પ્રકાશિત થશે. તું જ તારા ભાગ્યનો વિધાતા છે.

તારા જીવનનો **રિમોટ કંટ્રોલ** તારી પ્રતિભા,

પુરુષાર્થ, પ્રજ્ઞા અને પરાક્રમથી તારા પોતાને જ હાથ રાખવાનો છે.

તારી ભીંતરમાં તું ડોકિયું કરીને જો. અખૂટ શક્તિનો મહાસાગર તારી ભીંતરમાં નિત્ય લહેરાય છે. તું સ્વયં શક્તિનો પૂંજ છે. તારા મહાપ્રતાપી, મહાપ્રભાવી આત્મસ્વરૂપને તું જરા હાકલ પાડીને તો જો..., તારા સાડા ત્રણ કરોડ રૂંવાડા પુલકિત થઈ જશે. તું અમૃતનું સંતાન છે, તું ઉન્નતભ્રૂ ઋષિઓનું સંતાન છે, તું ઊઠ જાગ... તારી શક્તિને ઓળખ. તું સ્વયં તારી નિષ્ઠા અને નિત્ય પરિશ્રમથી માનવમાંથી **મહામાનવ** બની શકે છે. તું તારા દૃઢ મનોબળથી વિષાદને પ્રસાદમાં પલટી નાંખ. આવેલી આપત્તિને આશીર્વાદમાં પલટી નાંખ. તારો આત્મા છે ઝગમગતો અને ઝળઝળતો **મહાસૂર્ય,** તેના સ્વર્ણિમ કિરણોથી તું ત્રણ લોકને આલોકિત કરી દે.

જીવનમાં ઝીંદાદીલીના અભાવને છોડી તારા સ્વભાવને તું ઓળખ. તારો **વાસ્તવિક સ્વભાવ** છે સત્-ચિત્ અને આનંદમય. તે ત્રણેયનો **ત્રિવેણી સંગમ** રચશે જીવનનું મનોહર **પ્રયાગ.** અખૂટ શક્તિનો ખજાનો તારી ભીંતરમાં છે. આ રહ્યા કવિ શ્રી **રાજેન્દ્ર શાહ**ના તેજસ્વી શબ્દો :-

**'પંડ્યની પેટીમાં પારસ છે પડ્યો, ફૂટેલા ફૂટે છે કરમજી;**
**વાવરી જાણે તે બડભાગિયો, ધન ધન તેના ભવનજી;**
**આપણા ઘડવૈયા બાંધવ ! આપણે.'**

પરસેવાની ગંગા વહેવડાવીને તારા જીવન ઉપવનમાં તું સફળતાના સુમન ખીલવી દે. તારા શ્રમના જળ વડે તું સહારાના રણને વૃંદાવનમાં પલટાવી દે. નેપોલિયનના **અમર શબ્દો** તારા હૃદયની તક્તી પર કોતરી દે.

''અશક્ય શબ્દ મારા શબ્દકોશમાં નથી. એ તો મૂર્ખાઓના શબ્દકોશનો શબ્દ છે.''

જગતમાં જીતના પર્યાય સમા જ્યુલિયસ સિઝરનો તકિયા કલામ હતો :- 'Vini..., Vici..., Vidi...' - 'હું આવ્યો..., મેં જોયું...., હું જીત્યો...'

એડમંડ હિલેરી અને તેનસિંગ નોર્કા સાહસ અને પરિશ્રમ વડે હિમાલયના **માઉન્ટ એવરેસ્ટ** પર પહોંચ્યા.

એડિસને પ્રયોગશાળામાં પુરુષાર્થ કરી અને પ્રયોગો કરી **વિદ્યુત બલ્બ**ની શોધ કરી.

પુસ્તકાલયમાં પલાંઠી લગાવી મહામુનિ માર્કસે 'Das Capital' (મૂડી) નામનો **વિશ્વપ્રસિદ્ધ ગ્રંથ** લખ્યો.

મજબૂત બાવડા વડે હલેસા મારી, ક્રિસ્ટોફર કોલબંસ નવી દુનિયા **અમેરિકા** પહોંચ્યા.

પ્રચંડ પુરુષાર્થ કરી નીલ આર્મસ્ટ્રોંગ અને એડવિન ઓલ્ડ્રિન **ચંદ્રલોક** પર પહોંચ્યા.

ભારતનો પ્રથમ અવકાશયાત્રી રાકેશ શર્મા પુરુષાર્થ કરી **ભૂમંડલની પરિક્રમા** કરી આવ્યા.

ધરતીપુત્ર ખેડૂત પુરુષાર્થ વડે ધરતીને ધાન્યથી સમૃદ્ધ બનાવે છે :- 'सजलां सुफलां शस्य श्यामलाम्...'

હે યુવાન ! જાગ અને ઊભો થા...! 'You are the architect of your own Future.'

આત્મવિશ્વસાનું એન્જિન હે યુવાન, તને લઈ જશે તારી મંઝિલ પર.

શ્રી સ્વામિનારાયણ **મહામંત્ર**નો અને કોમ્પ્યુટર જેવા કેટલાય લેટેસ્ટ **યંત્ર**નો **સમન્વય** ખોલી આપશે જિંદગી જીવવાનું અને મહાન બનવાનું પ્રવેશદ્વાર.

હે યુવાન ! તારી સુષુપ્ત અસ્મિતાને હાંક મારી તું જગાડ. અસ્મિતાને તું એટલી ઊંચાઈ ઉપર લઈ જા કે સ્વયં પરમાત્મા પૂછે કે, બોલ બંદા ! હું તારા નસીબમાં શું લખું...!!! આ રહ્યા ડો. **ઈકબાલ**ના જ્યોતિર્મય શબ્દો :- 'कर तुझी को बुलंद इतना की हर तकदीर से पहेले खुदा बंदे से पूछे कि तेरी रजा क्या है ?'

સવારે ઊગતો સૂર્ય સતત પ્રકાશના પૂંજ પાથરીને **પુરુષાર્થનો પૈગામ** પાઠવે છે. ભારતના ત્રિરંગા રાષ્ટ્રધ્વજમાં રહેલું અશોકચક્ર પોતાના ચોવીસ આરા દ્વારા સતત પરિશ્રમ કરવાનો સંદેશ પાઠવે છે.

યુવાન, તું જ છે... તું જ ભાગ્ય તણો વિધાતા તે માટે

પ્યાસ કરો... પ્રયાસ કરો... પુરુષાર્થ કરો.... પ્રાર્થના કરો..., પરંતુ હવે ઘણો સમય વીતી ગયો છે માટે પ્રતીક્ષા ન કરો.

આજની ગમે તેવી પરિસ્થિતિમાં રસ્તો યુવાનોએ જ કાઢવો પડશે. ગમે તેવી વિકટ અને વિપરીત પરિસ્થિતિમાં યુવાનો રસ્તો કાઢી શકે એવા **બળભર્યા શબ્દો** કવિની કલમે કેવા કંડારાયેલા છે તે જોઈએ :

**'રસ્તો નહિ જડે તો પણ રસ્તો કરી જવાના,**
**થોડા અમો મૂંઝાઈ મનમાં મરી જવાના;**
**નિજ મસ્ત થઈ જીવન આ પુરુ કરી જવાના,**
**બિન્દુ માંહી ડૂબીને સિન્ધુ તરી જવાના;**
**કોણે કહ્યું કે ખાલી હાથે મરી જવાના ?**
**દુનિયાથી દિલના છેડા ભરી જવાના;**
**છોને ફર્યા નથી કાંઈ દી'થી ડરી જવાના,**
**એ શું કરી રહ્યા છો એ શું કરી જવાના;**
**મનમાં વિચાર શું છે ? અવિરામ કંઈ દીપક છે,**
**પ્રકાશ આંધીઓમાં પણ પાથરી જવાના;**
**એક આત્મબળ અમારું દુઃખ માત્રની દવા છે,**
**હર જખ્મને નજરથી ટાંકા ભરી જવાના;**
**સ્વયં વિકાસ છીએ સ્વયં વિનાશ છીએ,**
**સ્વયં ખીલી જવાના સ્વયં ખરી જવાના;**
**સમજો છો શું અમોને સ્વયં પ્રકાશ છીએ,**
**દીપક નથી અમે કે ઠાર્યા ઠરી જવાના;**
**અરે કાળ ! કંઈ નથી ભય તું થાય તે કરી લે,**
**શ્રીજી સમો ધણી છે થોડા મરી જવાના.'**

કોયલના ટહુકારે વસંત જાગે એમ યુવાનોએ પણ જાગવું જોઈએ. **'ઊંઘતાનો પાડો અને જાગતાની પાડી'** એટલે કે ઊંઘતો માણસ હંમેશા નુકસાન જ નોતરે છે. એટલે આપણા યુવાનોને તેમની આળસ અને ઊંઘને છોડીને 'પોતાની જાતથી વધારે ફર્ઝ-જવાબદારી'ને સમજી : **હે યુવાનો ! જાગો !!**

ભ્રષ્ટાચારના ભરડામાં દેશ ભરડાઈ ગયો છે. અત્ર-તત્ર-સર્વત્ર ભ્રષ્ટાચારે માઝા મૂકી છે. ગળથૂથીમાંથી જ ન્યાય-નીતિના પાઠ ભારતીય પ્રજાને ભ્રષ્ટાચારનો એરુ આભડી ગયો છે. અને એનું ઝેર તેની રગેરગમાં વ્યાપી ગયું છે. આ ઝેરને યુવાન સિવાય કોણ ઉતારશે ? યુવાશક્તિ તન-મનથી કામે લાગે તો ભ્રષ્ટાચારના ભોરીંગને નાથવો સરળ છે. કટકો આપીને આખું કઢાવવાની આપણી હીન ભાવના દિન-પ્રતિદિન વધતી જાય છે. આમાંથી કોઈ ક્ષેત્ર બાકાત રહ્યું નથી, ત્યારે યુવાન નહિ જાગે તો કોણ જાગશે ? માટે યુવાનો ! હવે તો જાગો !!

જ્યાં સુધી યુવાનો જાગશે નહિ ત્યાં સુધી આ રોગ ભાગશે પણ નહિ. અને ઘર કરી ગયેલ આ રોગની જડે સમગ્ર દેશને ખોખલો, નિર્માલ્ય અને નપુંસક બનાવી દીધો છે. આ મ્હેણું દેશના તમામ યુવાનોના જીવન પર ધબ્બા રૂપ છે. હવે તો યુવાનો જાગો ! અને યુવાનીને કલંકરૂપ મ્હેણું મિટાવો, પત્થરના પાળીયા પણ તમને પોકારી પોકારીને કહેશે કે, હે યુવાનો ! જાગો !!

અમે તમારા જેવી યુવાનીમાં જ ગાય, બ્રાહ્મણ કે અબળા નારીના શીયળની રક્ષા કાજે સમાજના ત્રાસવાદને નાથવામાં અમે અમારી યુવાનીનું બલિદાન આપી પાળીયા થયા છીએ. અને એટલે તો આજે પૂજાઈ રહ્યા છીએ. માટે હે યુવાનો ! તમે તમારી કીર્તિને કલંકિત થતી બચાવવા માટે પણ હે યુવાનો **જાગો !! જાગો...!!** આ **સમયનો સાદ** છે અને મા સંસ્કૃતિની **હાકલ** છે.

**સ્વામી વિવેકાનંદજી** યુવાનોને હૃદય સ્પર્શી જાય તેવો **સંદેશ** આપતા કહે છે : ''આત્મવિશ્વાસ રાખો. તમે જ પૂર્વકાળમાં ઋષિમુનિ હતા. હવે માત્ર શરીર બદલીને આવ્યો છો. હું દિવ્ય ચક્ષુઓથી જોઈ રહ્યો છું કે તમારામાં અનંત શક્તિ છે. તે શક્તિને જાગૃત કરો. અરે ! મૃત્યુ જ્યારે અટળ છે, ત્યારે કીડા-મકોડાની જેમ મરવાના બદલે વીરોની જેમ મરવું સારું છે. અનિત્ય સંસારમાં બે દિવસ વધારે જીવિત રહીને પણ શું ફાયદો ? **'ઈટ ઈઝ બેટર ટુ નિયર આઉટ ધેન ટુ રસ્ટ આઉટ.'** - કાટ લગીને ખતમ થઈ જવા કરતા ઉપયોગી બનીને ઘસાઈ જવું વધારે સારું છે. જરા જીર્ણ થઈને થોડું થોડું ક્ષીણ થઈને મરવાના બદલે વીરોની જેમ બીજાના થોડાક કલ્યાણ માટે પણ લડીને તે જ સમયે મરી જવું શું સારું નથી ?

ઉત્સાહથી હૃદયને ભરી લો, બધી જગ્યાએ ફેલાઈ જાવ. નેતૃત્વ કરતી વખતે બધાના દાસ બની જાવ. નિઃસ્વાર્થી બનો અને ક્યારેય પણ મિત્રને પીઠ પાછળ બીજાની નિંદા કરતા સાંભળો નહિ. અનંત ધૈર્ય રાખો, બધી સફળતા તમારા હાથમાં આવશે. સતર્ક રહો, જે કાંઈ અસત્ય છે તેને પાસે આવવા ન દો. **સત્ય પર મક્કમ રહો,** બસ ત્યારે જ આપણે સફળ થઈશું. કદાચ થોડો વધારે સમય લાગે, પરંતુ આપણે અવશ્ય સફળ થઈશું. એ રીતે કામ કરો કે જાણે તમારામાંના દરેક પર બધું કામ આધારિત છે. **ભવિષ્યની સદીઓ તમારા તરફ જોઈ રહી છે,** ભારતના **ભવિષ્યનો આધાર** તમારા પર છે.

તમારામાંથી દરેકને મહાન બનવું પડશે - બનવું જ પડશે. જો તમારામાં આદર્શ માટે આજ્ઞાપાલન, તત્પરતા અને પ્રેમ - આ **ત્રણ વાતો** ટકી રહેશે તો તમને કોઈ રોકી શકશે નહિ.

ભારતમાતા પોતાની ઉન્નતિ માટે તેના શ્રેષ્ઠ સંતાનોનું પરાક્રમ ઈચ્છે છે. જે સાચા હૃદયથી **ભારતીય કલ્યાણનું વ્રત** લઈ શકે તથા જે તેને જ પોતાના જીવનનું એકમાત્ર **કર્તવ્ય** સમજે તેવા નવયુવાનો સાથે કાર્ય કરતા રહો. તેમને જાગૃત કરો, સંગઠિત કરો તથા તેમનામાં ત્યાગનો **મંત્ર** ફૂંકી દો. ભારતીય યુવાનો પર આ કાર્ય સંપૂર્ણ પણે **નિર્ભર** છે.

તમે કામમાં લાગી જાવ, પછી જોશો કે તમારામાં એટલી શક્તિ આવશે કે તમે તેને સંભાળી નહિ શકો. બીજાના માટે રતિભાર વિચાર કરવાથી ધીરે ધીરે હૃદયમાં સિંહ જેવું બળ આવી જાય છે. તમને હું ખૂબ પ્યાર કરું છું, પરંતુ જો તમે બીજાના માટે મહેનત કરતા કરતા મરી પણ જાવ તો આ જોઈને મને ખુશી થશે.''

એક નાનકડો છોકરો એના બાપની કુહાડી લઈ જંગલમાં લાકડા કાપવા જાય છે. બપોરે થોડો સમય એ આરામ કરે છે. ત્યાં એની કુહાડી કોઈ લઈ જાય છે. જાગીને જુએ છે તો કુહાડી ન મળે ! તે છોકરો રડવા માંડે છે એટલે વનદેવી પ્રગટ થાય છે અને એને સોનાની કુહાડી

ઉત્સાહથી હૃદયને ભરી લો, બધી જગ્યાએ ફેલાઈ જાવ. નેતૃત્વ કરતી વખતે બધાના દાસ બની જાવ. નિઃસ્વાર્થી બનો અને ક્યારેય પણ મિત્રને પીઠ પાછળ બીજાની નિંદા કરતા સાંભળો નહિ. અનંત ધૈર્ય રાખો, બધી સફળતા તમારા હાથમાં આવશે. સતર્ક રહો, જે કાંઈ અસત્ય છે તેને પાસે આવવા ન દો. સત્ય પર મક્કમ રહો, બસ ત્યારે જ આપણે સફળ થઈશું. કદાચ થોડો વધારે સમય લાગે, પરંતુ આપણે અવશ્ય સફળ થઈશું. એ રીતે કામ કરો કે જાણે તમારામાંના દરેક પર બધું કામ આધારિત છે. ભવિષ્યની સદીઓ તમારા તરફ જોઈ રહી છે, ભારતના ભવિષ્યનો આધાર તમારા પર છે.



આપે છે. તોપણ પેલો બાળક રડતો રડતો કહે છે : "ના, આ સોનાની કુહાડી મારી નથી. મને તો મારી કુહાડી જોઈએ." વનદેવી ચાંદીની કુહાડી ધરી જુએ છે. 'એ પણ મને ન ખપે, મને તો ખપે ભલી મારી કુહાડી.' છેવટે વનદેવીને એની લોખંડની જૂની કુહાડી આપવી પડે છે. અને બાળક રાજી રાજી થતો ઘરે જાય છે. આ વાત સાવ નાનકડી લાગે છે, પરંતુ સંકેત કેટલો મોટો ? ઈશોપનિષદ કહે છે કે, 'मा गृधः कस्यस्विद्धनम्' - પારકા ધન પર નજર ન નાખીશ, અણહક્કનું કશું ન સ્વીકારીશ.

આ વૃત્તિને, આ સંસ્કારને બચાવી લેવાની જરૂર છે. આજે એ ડચકાં ખાય છે. સદાચારી આજે વેદિયામાં ખપે છે. ભ્રષ્ટાચાર એ શિષ્ટાચાર બન્યો છે. યુવા જગત સમક્ષ આ બધા પડકારો છે. સાહસ માટે પહાડો ખૂંદવા અને સાગરો ખેડવા એ જ કાંઈ અનિવાર્ય નથી. એ બધા સાહસોનું પણ એક સ્થાન છે, પરંતુ જીવનમાં ડગલે ને પગલે સામે ઊભા રહેતા પડકારોને ઝીલવા માટે પણ ભારે મોટી સાહસ વૃત્તિ અને બહાદુરીની ભારે જરૂર છે. સસ્તુ સમાધાન યુવાનોને તો ન જ ખપે ! જ્યાં યુવાન ઊભો હોય ત્યાં કાયરતા કેવી ? નફ્ફટાઈ કેવી ? કોઈ યુવાનની હાજરીમાં કોઈ સ્ત્રીની લાજ લૂંટાય કે કોઈ નબળાનું ધન લૂંટાય કે કોઈ ગરીબને અન્યાય થાય તો એ યુવાનની યુવાની નથી.પરંતુ સાચી યુવાની કાંઈ આકાશમાંથી નીચે ટપકતી નથી. યુવાનીને કેળવવી પડે છે. આપણા પુરાણ ગ્રંથોમાં કહેવાય છે કે, અચિંતવ્યું ચિંતન કરે તે યુવાન. સમાજમાં જે કાંઈ ચાલી રહ્યું છે તેના જ ગાણા ગાયા કરે તે તો રૂઢિવાદી પરંતુ સમાજ માટે નિત્ય નવી વિકાસ કેડીઓ કંડારી આપે તેનું નામ **યુવાન**. નવા ચીલા પાડે તે યુવાન.

**'ચીલે ચીલે ગાડી ચલે, (કુ) ચીલે ચલે કપૂત;**
**વહ ચીલે ન ચલે, ઘોડા સિંહ અને સપૂત.'**

આ સંદેશો વ્યક્તિથી સમષ્ટિ સુધી પહોંચી જશે ત્યારે જાગેલા યુવાનો દ્વારા જ રાષ્ટ્ર નિર્માણ, રાષ્ટ્રભક્તિ, સંસ્કૃતિનું રક્ષણ અને આત્મ જાગૃતિનો પાયો નખાશે. ત્યારે આપોઆપ અંધકાર દૂર થશે, અને દેશમાં ક્રાંતિનો પ્રકાશ ચોમેર પથરાઈ જશે. આ વાતમાં યુવાનોએ જ પહેલ કરવી પડશે. આ અંગે બીજાઓ સાથ-સહકાર ન આપે તો 'તારી હાંક સુણી કોઈ ન આવે તો એકલો જાને રે'ની નીતિ યુવા પાંખે અપનાવવી જ પડશે.

આજનો યુવાન સાચા અર્થમાં પ્રગતિશાળી નથી. આ વાતને સમજવા આપણે ત્રણ બિંદુ પર વાત કરી શકીએ. (૧) યુવાન કોને કહેવાય ? (૨) પ્રગતિ કોને કહેવાય ? અને (૩) પ્રગતિની એ નિષ્કર્મ રેખા પર ચકાસતા, આજનો યુવાન કઈ રીતે સાચા અર્થમાં પ્રગતિશાળી નથી ? પર્વત જેવી મુશ્કેલીને પણ હલ કરી નાખે તે યુવાન. જેનામાં પ્રત્યેક પળે નવું જાણવાની જિજ્ઞાસા છે, કંઈક કરવાની તમન્ના અને તાલાવેલી છે તે યુવાન. જે સંજોગોનો દાસ નથી, પરંતુ **સંજોગો જેના દાસ છે તે સાચો યુવાન.**

બીજા શબ્દમાં કહીએ તો જેનામાં એકલવ્યની જિજ્ઞાસા અને પિપાસા હોય તે **યુવાન.** જેનામાં વસિષ્ઠનો સંસ્કાર પ્રેમ હોય તે યુવાન. જેનામાં યાજ્ઞવલ્ક્યનો તરવરાટ હોય તે યુવાન. જેનામાં દાદાખાચર, સુરાખાચર, ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી કે ગુણાતીતાનંદ સ્વામી જેવી આધ્યાત્મિકતા, નિષ્ઠા અને સત્યતા હોય તે યુવાન. આવા યુવાનનું મનોરાજ્ય વર્ણવતા રાષ્ટ્રીય શાયર શ્રી **ઝવેરચંદ મેઘાણી** યોગ્ય જ કહે છે :-

**'અણદીઠાને દેખવા, અણતગ લેવા તાગ;**
**સતની સીમો લોપવા, જોબન માંડે જાગ.'**

હવે આપણી **પ્રગતિની પરિભાષા** ચકાસીએ.

જ્યારે તનની, મનની, બુદ્ધિની અને આત્માની **પ્રફુલ્લ ખીલવટ** થયેલી હોય ત્યારે તેને **પ્રગતિ** કહેવાય. જેવી રીતે પુષ્પની પ્રત્યેક પાંખડી પ્રફુલ્લપણે ખીલેલી હોય અને તેનું દલદલ વિકસ્યું હોય ત્યારે તે તેની ખીલવટ ગણાય. એવી જ રીતે યુવાનના હૃદયકમળની પ્રત્યેક પાંખડી ખીલેલી હોવી જોઈએ. આપણા ઋષિમુનિઓની દૃષ્ટિએ પ્રગતિનો પૂર્ણાર્થ એ જ છે કે બીજાથી નહિ, પરંતુ પોતાની જાતથી જ આગળ વધવું. ગઈકાલે ડૂબતો સૂર્ય મને જ્યાં છોડી ગયો ત્યાં મને ઊગતો સૂર્ય ન ભાસે. પરંતુ હું કંઈક આગળ નીકળી ગયો હોઉં. તે છે મારી પ્રગતિ.

પ્રગતિની આ પારાશીશી તપાસતા **સખેદ** કહેવું પડે છે કે, આજનો યુવાન સાચા અર્થમાં પ્રગતિશાળી નથી. હા, પ્રગતિશીલ હોવાનો તે ડોળ કરે છે ખરો, પરંતુ એ પ્રગતિશીલ નથી. એટલા માટે જ શ્રી ધર્માધિકારીજી યોગ્ય જ કહે છે કે, "એક યુવક એક બુઝુર્ગના ખભા પર બેઠો હતો. પરંતુ એ ભૂલી જાય છે કે પોતે એક બુઝુર્ગના ખભા પર સવાર છે."

આજના યુવાનનું પણ એવું જ છે. એ ફ્રોઈટ, આઈનસ્ટાઈન, એડિસન અને માર્કસ તથા ન્યૂટનના ખભા પર સવાર થયેલો છે. હકીકતમાં તો આજનો યુવાન વામણો છે. તેના દિલેદિમાગમાં આજે એક **'Intellectuals vacuum'** (બૌદ્ધિક શૂન્યાવકાશ) સર્જાયો છે.

આજના યુવાનની જિજ્ઞાસા મરી પરવારી છે. નથી તેને હિમાલયના ઊત્તુંગ શિખરો આહ્વાન આપતા કે નથી સાગરના અગાધ ઊંડાણ એના પૌરુષને પડકાર ફેંકતા.

આજના યુવાનમાં 'Yong mind' (યુવાન મન) જોવા મળતું નથી. યુવાનનું ધબકતું વ્યક્તિત્વ આજે લુપ્ત થતું જાય છે. આજનો યુવાન તો છે યુનિવર્સિટીનું લેબલ લગાડેલ એક માત્ર બીબું. વિચારોનું ઊંડાણ કે જ્ઞાનની ઊંચાઈનો એનામાં સદંતર અભાવ છે.

આ વાતને પુષ્ટિ આપવા એકજ **દૃષ્ટાંત** પર્યાપ્ત છે.

એક યુવક એક બુઝુર્ગ (વયોવૃદ્ધ-વડીલ) સાથે તર્ક કરવા લાગ્યો. પરંતુ અંતમાં જ્યારે યુવક પાસે કોઈ દલીલ કે શબ્દ ન રહ્યા ત્યારે તેણે બુઝુર્ગને કહ્યું : "તમે શું મારી સામે દલીલ કરવાના ? હું બે યુનિવર્સિટીનો સ્નાતક છું." બુઝુર્ગ જમાનાના ખાધેલ હતા. એણે ઠંડા કલેજે જવાબ આપ્યો : "ભાઈ ! મારે ત્યાં એક વાછરડો છે તે બે ગાયોને ધાવે છે. એ મોટો થઈ શું બનશે તને ખબર છે ? બે ગાયોને ધાવે છે તેમ છતાં તે મોટો થઈને બળદ જ બનવાનો...!!!"



આજના યુવકને આ દૃષ્ટાંત ઉચિત રીતે લાગું પડે છે.

યુનિવર્સિટીઓની ઉપાધિઓ છતાં એનો પ્રજ્ઞાનો પિંડ વિકસિત થયેલો નથી. એનું મનોમુકુર હજુ અવિકસિત છે. કેટલાક મિત્રો દલીલો કરે છે કે આજના યુવાને **ભૌતિક પ્રગતિ** કરી છે, પરંતુ માત્ર ભૌતિક પ્રગતિને પ્રગતિ ન કહેવાય. પ્રગતિ તો **સર્વાંગી વિકાસ**ને કહેવાય. 'All Side Development'ને પ્રગતિ કહેવાય. માત્ર એક દિશામાં પ્રગતિ કરે તો હાથીપગાના જેવી પ્રગતિ છે. જ્યારે પગ એક દિશામાં વધે છે ત્યારે આપણે તેને હાથીપગાનો રોગ કહીએ છીએ. આજના યુવાનની પ્રગતિ આ હાથીપગાના રોગ જેવી જ છે.

**આ**જે જનતાના રાજ જેવું તમને ક્યાંય લાગે છે ? દેશમાં અત્યાચાર, અંધાધૂંધી, ભ્રષ્ટાચાર, કાળાબજાર, મોંઘવારી અને ગરીબી-બેકારીએ માઝા મૂકી છે. શું આવું **જનતાનું રાજ** હોય ? મુઠ્ઠીભર મવાલીઓ કે ગુંડાઓ પ્રજાને બાનમાં રાખે, અડ્ડાઓ ચાલે, હપ્તાઓ ચાલે. જ્યાં જુઓ ત્યાં પરતંત્રતા અને વાતો થાય સ્વતંત્રતાની. ક્યાં છે પ્રજારાજ ? ક્યાં ગયો આપણા શહીદોનો ત્યાગ? ક્યાં ગઈ આપણી વીરતા ? ક્યાં ગયો આપણો ધર્મ કે વ્યવહાર ?



સ્વામી વિવેકાનંદજી મૃત્યુ શય્યા પરથી આર્તસ્વરે પોકારતા હતા : 'Give me hundred Nachiketas, and I shall the entire world.' - મને માત્ર સો નચિકેતા આપો. હું સમગ્ર વિશ્વનો કાયાકલ્પ કરી બતાવીશ. પરંતુ અફસોસ !! એવા સો તો શું એક પણ નચિકેતા સ્વામી વિવેકાનંદજીને મળ્યો નહિ. માટે ફરી આજે પ.પૂ. લાલજી મહારાજશ્રી અને ધર્મકુળ આશ્રિત પૂ. સંતોને એ જ **આર્તસ્વર** દોહરાવવો પડે છે : "ક્યાં છે **યૌવનનો થનગનાટ અનુભવતા** એ નચિકેતા ? ક્યાં છે **વિદ્યાની વિમલતાથી દીપતા** એકલવ્યો ? ક્યાં છે **જ્ઞાનની તેજસ્વિતાને તપસ્વિતાથી ઝળહળતા** યાજ્ઞવલ્ક્યો ?

સીધી લીટીમાં આગળ વધવું તેને **પ્રગતિ** કહેવાય જ્યારે એક નાનકડા વર્તુળમાં ગોળ-ગોળ ફર્યા કરવું તેને ગતિ ચોક્કસ કહેવાય પણ પ્રગતિ તો ન જ કહેવાય. આજનો યુવાન બીજા પાસેથી ઉછીના લીધેલા છીછરા વિચારોના નાનકડા વર્તુળમાં જ ગોળ ફર્યા કરે છે માટે ઘાંચીના બળદની જેમ ગતિશીલ ચોક્કસ છે. પરંતુ કોઈ જાતવાન ઘોડાની જેમ તેની કોઈ દિશામાં પ્રગતિશીલતા તો હરગીજ નથી. આજ-કાલના ફેશનેબલ યુવાનમાં સૂઝ અને કોઠાસૂઝ, ખમીર અને ખુમારી, આતિથ્ય અને આયોજન, સેવા અને સત્સંગ, સાહસ અને સમજદારી, દાન અને દરિયાદીલી, પ્રતિભા અને પુરુષાર્થનો સદન્તર અભાવ છે.

આજે આપણું **ગૌરવશાળી સત્ય** હણાયું છે. વીરતા અને શૌર્યતા ગીરવે મૂકાઈ ગઈ છે. નારીનું શીલ, પ્રજાનું આરોગ્ય, આપણા આદર્શો, મૂલ્યો, મર્યાદાઓ - બધું જ કપાવવા લાગ્યું છે. જ્યાં વાડ જ ચીભડા ગળે ત્યાં કોને ફરિયાદ કરવી ? હવે તો એમજ લાગ્યા કરે છે કે, ભારતીય સંસ્કૃતિ મરણ પામી છે. તેની સ્મશાન યાત્રા જ કાઢવાની બાકી છે.

અંગ્રેજોએ ૧૫૦ વર્ષના તેમના શાસનકાળમાં દેશનું કે સંસ્કૃતિનું જેટલું નુકસાન નથી કર્યું, તેથી વધુ નુકસાન આ આઝાદીના ૬૬ વર્ષમાં થઈ ગયું છે.

આજે જનતાના રાજ જેવું તમને ક્યાંય લાગે છે ? દેશમાં અત્યાચાર, અંધાધૂંધી, ભ્રષ્ટાચાર, કાળાબજાર, મોંઘવારી અને ગરીબી-બેકારીએ માઝા મૂકી છે. શું આવું **જનતાનું રાજ** હોય ? મુઠ્ઠીભર મવાલીઓ કે ગુંડાઓ પ્રજાને બાનમાં રાખે, અડ્ડાઓ ચાલે, હપ્તાઓ ચાલે. જ્યાં જુઓ ત્યાં પરતંત્રતા અને વાતો થાય સ્વતંત્રતાની. ક્યાં છે પ્રજારાજ ? ક્યાં ગયો આપણા શહીદોનો ત્યાગ ? ક્યાં ગઈ આપણી વીરતા ? ક્યાં ગયો આપણો ધર્મ કે વ્યવહાર ?

આ હાલતમાં સમાજની રક્ષા કરવા પરિવર્તન લાવવા યુવાનોએ જાગવું પડશે. જે યુવાન આજની પરિસ્થિતિમાંથી દેશને ઉગારશે તે જ **સાચો વીર** અને **રાષ્ટ્રભક્ત** ગણાશે. **જાગો... યુવાનો... જાગો...!!**

જે જાગ્યા છે તેવાના ઈતિહાસ સર્જાણા છે. જોઈએ તેવા **થોડા ઈતિહાસોને...!!!**

❈ ઉત્તરપ્રદેશનો સાંસદ **જાટ,** તે દિલ્હીની પાર્લામેન્ટમાં ચુંટાઈને આવેલો. એકવાર સાંસદમાં ફર્ટીલાઈઝર ઉદ્યોગના વિકાસ માટે ૪૦૦ કરોડનું રોકાણ સરકારે પ્રસ્તાવ મૂક્યો. બધા જાણતા હતા કે, પ્રધાનમંડળમાં ૮૫% રકમ ચાઉં થઈ જતી હોય છે. તેનો આ જાટ સાંસદે સતત દરરોજ ચર્ચામાં ભાગ લઈ ચાર દિવસ વિરોધ કર્યો. ચોથા દિવસની રાતે ફર્ટીલાઈઝર લોબીના હિતેચ્છુ ૧૮ કરોડ રૂપિયાની નોટો ભરેલો થેલો લઈ સાંસદ પાસે આવ્યા. અને કહ્યું : "કાલે સંસદમાં વિરોધ નહિ કરવાનો. મૌન રહેવાની આ ફી તમને આપીએ છીએ." ત્યારે દેવભક્ત આ સાંસદ જાટે ૧૮ કરોડ રૂપિયાની ઓફરને લાત મારી દીધી..!! ધન્ય છે આવા જાગેલા દેશભક્ત વીર યુવાન નરને...!!

❈ મુંબઈની હાઈકોર્ટમાં શ્રી **એમી.સી. સેતલવડ** એડવોકેટ જનરલ તરીકે સેવા આપતા હતા. તેને ત્યાં એકવખત એક કરોડપતિ શેઠ આવ્યા ને કહ્યું : "મારા પુત્રનો મુકદમો તમારી પાસે છે. તેણે ખૂન કર્યું છે ને દરેક પુરાવાઓ તેની વિરુદ્ધમાં છે તેની મને ખબર છે. તમારી થોડી દલીલ તેને ફાંસી આપી શકે ને થોડી દલીલ તેને નિર્દોષ છોડાવી શકે. બોલો, તેને છોડાવવાનું શું લેશો ?" ત્યારે શ્રી સેતલવડે કહ્યું : "શું આ જ વાત કરવા આવ્યો છો ? તો માફ કરજો. હું કદી કોઈ લાંચ લેતો નથી." જ્યારે પેલા કરોડપતિ ધનવાને પચ્ચીસ હજારથી શરુ કરીને પાંચ લાખ સુધીની રકમ આપવાની તૈયારી બતાવી છે. ત્યારે શ્રી સેતલવડ સાહેબ તેને રવાના કરી દે છે. ધૂઆંપૂઆં થતાં શેઠ જતા જતા કહે છે : "યાદ રાખો, તમે મૂર્ખાઈ કરો છો. પાંચ લાખ દેનાર બીજો નહિ મળે." ત્યારે શ્રી સેતલવડ એડવોકેટ કહે : "શેઠ ! આટલું કો છો તો સાંભળતા જાઓ તમે પણ, પાંચ લાખ

આપનાર તો ઘણા મળશે. પરંતુ 'ના' પાડનાર તમને જિંદગીમાં નહિ મળે...!!'' ધન્ય છે ખમીરવંતા એ વીર યુવાનને...!!!

❊ **વિક્રમસિંહ ભાવસાર**ને જમતી વખતે તેમના ભાભીએ મ્હેણું માર્યું : ''દિયરમાં જ મીઠું ન હોય તો દાળમાં ક્યાંથી હોય. શત્રુંજય તીર્થના પ્રવેશદ્વારે વિકરાળ વાઘણ બેઠી છે. યાત્રિકોને પ્રભુદર્શન બંધ થયા છે, કેટલાય દિવસો વહી ગયા છે. નમાલો દિયરા તું કેમ સડાક કરતો ઊભો થતો નથી ? વાઘણનો મુકાબલો કરતો નથી.'' ભાભીનું મ્હેણું સાંભળીને ચાલું ભાણાએ 'ધિક' કહીને અન્નદેવતાને પ્રણામ કરી ભાભીના આશિષ મેળવી તે દોડી ગયો. પહાડ પર વાઘણ સાથે ઘમસાણ યુદ્ધ થયું. તેના માંસના લોચે લોચા નીકળી ગયા. પરંતુ અંતે વાઘણને મારી, વિક્રમે દમ તોડ્યો. આજે પણ ત્યાં વિક્રમનો પાળિયો પૂજાય છે. ધન્ય છે આવા ગૌરવશાળી વીર યુવાનને...!!

**'વિદ્યા વિનયથી શોભે છે'** એ સૂત્ર કેવળ ભીતસૂત્ર બની ગયું છે. તેમજ **વડીલોને માન આપો**ની વાત પ્રત્યેક યુવાનો દ્વારા વિસરાતી જાય છે. આજનો યુવાન ખોટા દંભમાં અને અણ-આવડતમાં જીવનમાં વિનમ્રતાને ભૂલ્યો છે. આજે માતા-પિતાઓ પોતાના યુવાન સંતાનોને **સંસ્કારમય** બનાવવા આટલી **અપેક્ષા** જરૂર રાખે જ છે.



❊ જેતપુરના **વીર ચાંપરાજવાળા**એ જનતાની રક્ષા માટે આવેલી વારને સામે ધડ પરથી મસ્તક નીચે પડ્યા પછી પણ બે કીલોમીટર વગર મસ્તકે લડી વીરતા અને ફરજ બજાવી પ્રજાની રક્ષા કરી ચાંપરાજે શ્વાસ છોડ્યો. આજે પણ વીર ચાંપરાજવાળાનો જીવતો પાળિયો યુવાનોને પ્રેરણા આપે છે કે તમે પણ કંઈક કરી બતાવો.

❊ યુવાનીના શૌર્યથી ધગધગતો **ટીપુ સુલતાન.** તેનો ફોટો લેવા ફોટોગ્રાફર આવ્યો. ટીપુએ કહ્યું : ''આવો સાદો ફોટો શું લેવો, તું થોડીવાર ઊભો રહે. હું જંગલમાંથી વાઘણના બે બચ્ચા લઈ આવું.'' ટીપુ સુલતાન વનમાં ગયો. બોડમાં સૂતેલી વાઘણને જગાડી તેને બંદુકના ભડાકાથી ભયભીત કરી તેના બચ્ચા ઊઠાવી બગલમાં ઘાલીને ફોટોગ્રાફર સામે ઊભો રહી પોઝ લેવા કહ્યું. બિચારો ફોટોગ્રાફર જેમ તેમ પોઝ લઈને ભાગી ગયો..!! ધન્ય વીર નર ટીપુ સુલતાનને...!!

❊ **મહારાણા પ્રતાપ** મૃત્યુ પામ્યા પણ મરણ વખતે મૃત્યુ શૈયા પરથી તેમણે **શીખામણ** આપી કે, ''તમે કદી મુસ્લિમો સામે ઝુકશો નહિ, તમારી બહેન-દીકરીઓ પરણાવશો નહિ.'' મહારાણા ભલે સામે હયાત નથી, પણ એકલીંગજીની શાખે રજપુતો આજે પણ પ્રતિજ્ઞાબધ્ધ છે. અને તેમના મહાન નિષ્કર્મોએ જ મુસ્લિમ યુગ ખત્મ કર્યો. ધન્ય છે સિસોદિયા અવટંકવીર રજપુત મહારાણાપ્રતાપને...!!

**'વિદ્યા વિનયથી શોભે છે'** એ સૂત્ર કેવળ ભીતસૂત્ર બની ગયું છે. તેમજ **વડીલોને માન આપો**ની વાત પ્રત્યેક યુવાનો દ્વારા વિસરાતી જાય છે. આજનો યુવાન ખોટા દંભમાં અને અણ-આવડતમાં જીવનમાં વિનમ્રતાને ભૂલ્યો છે. આજે માતા-પિતાઓ પોતાના યુવાન સંતાનોને **સંસ્કારમય** બનાવવા આટલી **અપેક્ષા** જરૂર રાખે જ છે :

૧. સત્યં વદ : સાચું બોલ.
૨. ધર્મં ચર : ધર્મનું આચરણ કર.
૩. માતૃદેવો ભવ : માતાને દેવ માન.
૪. પિતૃદેવો ભવ : પિતાને દેવ માન.
૫. ગુરુદેવો ભવ : ગુરુને દેવતુલ્ય માન.
૬. અતિથિ દેવો ભવ : આંગણે આવેલ મહેમાનને દેવતુલ્ય માન.
૭. આચાર્ય દેવો ભવ : આચાર્યને દેવ માન.
૮. સ્વાધ્યાયાત્ ન પ્રમદ : સ્વાધ્યાયમાં આળસ કરીશ નહિ.
૯. સતાં સુચરિતાનિ સેવ્યાનિ : સંતોના સંગથી ઉત્કૃષ્ટનું જ આચરણ કરો.

ઉપરોક્ત **નવસૂત્રો** આપણા ઋષિઓ દ્વારા ભારતીય સંસ્કૃતિની **આચારસંહિતા** માટે નિર્માણ થયેલા છે. અને તે આબાલ-વૃદ્ધ સૌએ આચરવાના છે. બાળક અને વૃદ્ધો તો તેનો અમલ મહદ્ અંશે કરે છે પણ યુવાનોમાં એના આચરણથી વિપરીત આચરણ થતું જોવા મળે છે ત્યારે મા-બાપ અને વડીલો પોતાના પૂર્વ જન્મના પાપરૂપ આવા સંતાનો ઉત્પન્ન થયા છે એવું માને છે એટલે આજના યુવાનોએ માતા-પિતાની અપેક્ષાઓને ઠેંસ ન લાગે, તેમની લાગણી ન દુભાય એવું જીવન જીવવું જોઈએ.

બધા જ યુવાનો આભના તારા તોડવાના દીવા (ઘેલા) સપના જુએ છે. પરંતુ વાટમાં આવતી મુશ્કેલીઓથી અકળાઈને દ્રાક્ષ ખાટી છે એમ કહીને પોતે તો એ માર્ગને છોડી દે છે પણ બીજાનું આત્મબળ પણ તોડી નાખે છે. પરંતુ પૃથ્વીનો અત્યાર સુધીનો ઈતિહાસ સાક્ષી છે કે વિનાશ તો પળવારમાં થઈ જાય છે અઘરું કાર્ય તો સર્જન કરવાનું જ છે.

ઉત્તર ગુજરાતમાં આવેલ સિદ્ધપુરમાં સરસ્વતી નદીને કાંઠે રુદ્ર મહાલય છે. આ મહાલયની શરૂઆત મૂળરાજે કરી હતી. અને એ સિદ્ધરાજ જયસિંહના રાજ્યકાળ દરમ્યાન પૂર્ણ થયો. એ મહાલયના નિર્માણમાં વર્ષો વીતી ગયા. પરંતુ એક મુસલમાન આક્રમણકારે એનો એક જ દિવસમાં નાશ કરી દીધો. સર્જનમાં સમય ઘણો લાગે છે, પણ નાશ કરવામાં સમય લાગતો નથી. રોમની કથા પણ કંઈક આવી જ છે. રોમ કાંઈ એક દિવસમાં નહોતું બન્યું પણ એક દિવસમાં એ ભસ્મીભૂત થયેલું !!

મહાત્મા ગાંધી કહે છે : ''સારું હોય એ તો ગોકળગાયની જેમ ચાલે છે. સારું કરનારને સ્વાર્થ હોય નહીં. તે ઉતાવળ નહીં કરે. તે જાણે છે કે માણસની ઉપર સારાની છાપ પાડતાં જમાનો જોઈશે. નઠારું જ કૂદી શકે છે. ઘર બાંધવું મુશ્કેલ છે, પાડવું એ સહેલું છે.''

ચઢવું અઘરું છે, ઊતરવું સહેલું છે. A to Z બોલવું હોય તો ઝડપથી બોલાય પણ Z થી A તરફ બોલવું તો બહુ અઘરું છે. એવી જ વાત યૌવનના ઘડતર વિષે છે. યૌવનના ઘડતરમાં ઘણો સમય



લાગે, પરંતુ પતન માટે માત્ર થોડી પળો જ પૂરતી છે. યુવાનીમાં એકવખત ઘડતર ચૂકે પછી એ તક ફરીથી આવતી નથી, સિવાય કે કોઈ સાચા મહાપુરુષોનો સંગ થઈ જાય તો યૌવન પાછું નીખરી ઊઠે છે.

તૈત્તિરીય ઉપનિષદમાં આનંદવલ્લીમાં ઋષિએ આનંદની મીમાંસા કરતા **યુવાન**ની વ્યાખ્યા કરી છે : 'युवा स्यात् साधुः' યુવાન કેવો હોવો જોઈએ ? તો ઉપનિષદ કહે : 'साधुः' અર્થાત્ સરળ સ્વભાવનો. આપણે યક્ષ-યુધિષ્ઠિરના પ્રશ્નોતર દ્વારા મહાભારતની રીતે સમજીએ તો સર્વનું ભલું કરવા માટે જે પ્રયત્ન કરતા હોય એનું નામ સાધુ કહેવાય. યુવાન એવો સજ્જન હોવો જોઈએ. આજે સજ્જનતા, સાધુતા, સરળતા, બીજાનું ભલુ કરવાની ભાવના દુર્લભ બની છે.

બીજું લક્ષણ વર્ણવતાં ઉપનિષદ કહે છે : 'अध्ययनशीलः' - 'યુવાન અધ્યયનશીલ હોવો જોઈએ, એટલે કે એ વિદ્વાન હોવો જોઈએ.' યુનિવર્સિટીના માત્ર ગોખણીયા જ્ઞાનની અહિં અપેક્ષા નથી. પરંતુ વાસ્તવિક જીવનવ્યવહારમાં જ્ઞાન અને વિદ્યાને અજમાવે એવો વિદ્વાન યુવાન હોવો જોઈએ. એટલું જ નહિ, પણ વિદ્યાનું અધ્યયન એવું હોય કે તેનું સુપેરે અધ્યાપન કરી શકે. બીજા અનેકને પોતાના જ્ઞાનના અજવાળાં આપે.

તૈત્તિરીય ઉપનિષદ યુવાનના ત્રીજા લક્ષણનું વર્ણન કરતા કહે છે : 'आशिष्ठः' - 'યુવાન ખાવા-પીવામાં સશક્ત અર્થાત્ રોગાદિ રહિત અને તેથી જ પરિણામે શ્રેષ્ઠ પુરુષાર્થની આશાથી ભરપૂર હોવો જોઈએ.' આશા એટલે ઉન્નત વિચારો-મહત્ત્વાકાંક્ષાઓ. યુવાનને એમ થવું જોઈએ કે, 'મારાથી શું ન થાય ?'

એક **વેલીંગ્ટન** નામનો યુવાન લંડનમાં બગીચામાં બેઠો હતો. એ સમય દરમ્યાન લંડનના બીગબેન ટાવરના ૧૨ ટકોરા પડ્યા. એની સાથે વેલીંગ્ટને એવો તાલ મેળવી દીધો કે, 'વેલીંગ્ટન વીલ બી ધ મેયર ઓફ લંડન.' - એક દિવસ વેલીંગ્ટન લંડનનો મેયર થશે. આ યુવાનને એવો થનગનાટ થયો કે આ જ અવાજ મારે સિદ્ધ કરવો છે અને એ લંડનનો **મેયર** થયો.

આઠ વર્ષની ઉંમરે ડેવિડ હાર્ટમેનને **અંધાપો** આવ્યો. ડૉક્ટર બનવું એ તેનું સ્વપ્ન હતું. તે જ્યારે ટેમ્પલ યુનિવર્સિટી મેડીકલ સ્કૂલમાં પ્રવેશ લેવા ગયા ત્યારે તેને કહેવામાં આવ્યું કે આ અગાઉ ક્યારેય કોઈ અંધ વ્યક્તિએ મેડીકલ સ્કૂલનો અભ્યાસ પૂરો કર્યો નથી. એમ કહી તેને પ્રવેશ અપાયો નહીં. જો કે તેણે આને પડકાર ગણી ૨૫ સંપૂર્ણ મેડીકલ પાઠ્યપુસ્તકોને ઓડીયો કેસેટ દ્વારા 'વાંચી'ને પોતાની ક્ષમતા બતાવી દીધી. ૨૭ વર્ષની વયે એ એવા પ્રથમ વિદ્યાર્થી બન્યા કે જેણે મેડીકલ સ્કૂલનો અભ્યાસ અંધ હોવા છતાં પૂરો કર્યો હોય!!

મોઝાર્કે ૯ વર્ષની ઉંમરે **સંગીતના જલસા** શરૂ કરી દીધા હતા, તો માઈક એન્જલોએ ૮૭માં વર્ષે એની સર્વાધિક **વિખ્યાત કૃતિ** બનાવી હતી. પિટ્ટ ૨૪માં વર્ષે **વડાપ્રધાન** બન્યા, કોલરિજે ૨૫ વર્ષે એની જગવિખ્યાત કવિતા **'ધ એન્શિયન્ટ મેરીનર'** રચી, અને લીઅનાર્ડો દ વિન્ચી ૭૭ વર્ષના હતા ત્યારે એમણે પ્રખ્યાત **'ધ લાસ્ટ સપર'** ચિત્ર બનાવ્યું.

માણસનો ચંદ્ર ઉપર જવાનો સંકલ્પ હતો તો એ ગયો. એવરેસ્ટ સર કરવાની ઈચ્છા હતી તો એ પણ થયું. યુવાનીમાં આશા હોય તો બધું શક્ય બને છે.

શંકરાચાર્ય માટે કહેવાય છે :- 'अष्टवर्षे चतुर्वेदी, द्वादशे सर्वशास्त्रवित् । षोडशे कृतवान् भाष्यं द्वात्रिंशे मुनिरभ्यगात् ।।' - અર્થાત્ શંકરાચાર્યજીએ ચાર વેદનું અધ્યયન આઠમા વર્ષે, સર્વશાસ્ત્રજ્ઞપણું બાર વર્ષે અને સોળમા વર્ષે પ્રસ્થાનત્રયી ઉપરના ભાષ્ય તદુપરાંત નાના-મોટા સુંદર પ્રમાણગ્રંથો, મધુરતમ વાણીમાં સ્તોત્રો રચ્યાં !! ખૂબ નાની વયે તેઓએ નાસ્તિક અને અવૈદિક વિચારધારાઓની સામે જંગ છેડ્યો અને ૩૨ વર્ષની ઉંમરે દેહત્યાગ પણ કરી દીધો હતો.

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે ત્રણ વર્ષની વયે અસુર કાલિદતનો નાશ કર્યો, સાત વર્ષની ઉંમરે વેદો-ઉપનિષદોનો આમૂલ અભ્યાસ કરી લીધો હતો અને નવ વર્ષની બાલ્યવયે કાશીની સભા જીતી. **૧૧ થી ૧૮ વર્ષની કિશોરાવસ્થાએ** એક કૌપીનભર અને કોઈપણના સાથ-સંગાથ વિના માત્ર વાયુના આહારમાં છ-છ મહિના સુધી માણસનો જ્યાં અવાજ પણ ન સંભળાય એવી બર્ફીલી પહાડીઓ પર એકલપંડે માનસરોવરથી લઈને હિન્દુસ્તાનના પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણમાં વન-પર્વતો સહિતના પ્રદેશોને અને ભારત, ચીન, નેપાળ, બાંગ્લાદેશ, ભૂતાન તથા બર્મા સહિત દેશોને આવરી લેતું આશરે ૧૨,૫૦૦ કી.મી.નું વન વિચરણ કર્યું. અને ૨૧ વર્ષની ઉંમરે તો અદ્ભુત **કલ્યાણકારી સંપ્રદાય** સ્થાપી દીધો..!!!

આ યુગનું **ઉદાહરણ** લઈએ તો ૩૯ વર્ષની ઉંમરે આઈનસ્ટાઈનને નોબલ પ્રાઈઝ મળેલું.

ચોથું લક્ષણ વર્ણવતાં ઉપનિષદ કહે છે : 'યુવાન 'दृढिष्ठः અને बलिष्ठः' હોવો જોઈએ.' એટલે તન-મનથી દૃઢ હોવો જોઈએ, આત્મવિશ્વાસવાળો હોવો જોઈએ. એક તમાકું જેવું વ્યસન છોડી શકતો ન હોય ને લીધેલું કામ અડધે મૂકી દેતો હોય એ દૃઢિષ્ઠ નથી. બલિષ્ઠ એટલે કોઈના હાડકાં ભાંગી નાંખવા એવો નહિ, પણ આત્માથી અને મનથી બળવાન. ઉપનિષદ કહે છે : 'नायमात्मा बलहीनेन लभ्यः ।' - આત્મબળ વગર પરમાત્મા પ્રાપ્ત થતા નથી.

આશિષ્ઠ, દૃઢિષ્ઠ અને બલિષ્ઠ યુવાન હોય તો 'तस्येयं पृथ्वी वित्तेन पूर्णास्यात् ।' - તો તેને માટે આખી પૃથ્વી ધનથી ભરપૂર છે. આવો યુવાન રણને પણ લીલું કરી શકે. એને કોઈ બેકારી ન લાગે. જ્યાં જાય ત્યાં એમ લાગે કે હું બધું જ કરી શકીશ. સાદી ગામઠી ભાષા કહીએ તો એ 'પાટું મારીને પૈસા પેદા કરી શકે.'

તૈત્તિરીય ઉપનિષદની આનંદવલ્લીમાં એક મનુષ્યના આનંદની મીમાંસા કરતા ઋષિ કહે છે : 'सा एषा आनन्दस्य मीमांसा भवति । युवा स्यात् साधु युवाध्यापकः । आशिष्ठो दृढिष्ठो बलिष्ठः । तस्येयं पृथिवी सर्वा वित्तस्य पूर्णा स्यात् । स एको मानुष आनन्दः ।' અર્થાત્ તે 'યુવાન' હોય, વળી શ્રેષ્ઠ આચરણવાળો યુવાન

હોય, વેદાદિક શાસ્ત્રોનો ઊંડો અભ્યાસી હોય, સંપૂર્ણ નિરોગી હોય, શારીરિક બળથી સંપૂર્ણ હોય, મનોબળ દૃઢ હોય, વળી, તેની ધનથી પૂર્ણ સમગ્ર પૃથ્વી પોતાની જ હોય - આને એક મનુષ્યનો આનંદ કહે છે. બીજા અર્થમાં કહો તો ઉપનિષદ યુવાનની આ વ્યાખ્યા કરે છે.

આપણા વેદકાલીન ગ્રંથો એવા યુવાન મનુષ્યોના આનંદથી લઈને પરમાત્માના અનંત આનંદ સુધીની ઉત્ક્રાંતિ યાત્રા કરાવે છે. જે પરમાત્માના આનંદને ભોગવે છે એને દુનિયાની કોઈ વસ્તુ લોભાવી શકતી નથી.

યૌવનની ઉપરોક્ત વ્યાખ્યા એ કેવળ એક ભાવના નથી, એ ભારતમાં એક વાસ્તિવકતા હતી. એ વખતે ઋષિમુનિઓ વિદ્યા ભણાવતા. ઉપનિષદ કાળમાં એવું કહેવામાં આવતું કે, 'अष्टवर्षं ब्राह्मणम् उपनयीत !' - આઠ વર્ષના બ્રાહ્મણપુત્રને જનોઈ પહેરાવી ઋષિઓ પાસે મોકલવામાં આવતો ને એ સમે એ બાળકો પરા ને અપરા બંને વિદ્યા ભણતા. મુંડક ઉપનિષદ કહે છે : 'द्वे विद्ये वेदितव्ये परा च अपरा च ।' - એ બંને વિદ્યા ભણાવાતી. ભૌતિક જ્ઞાન-વિજ્ઞાન અને સાથે અસ્ત્રશસ્ત્રની વિદ્યા પણ સારી રીતે ભણાવવામાં આવતી. પરંતુ એની સાથે એને એ કહેવામાં આવતું કે, 'परा यया तद् अक्षरं अधिगम्यते' - હે યુવાન ! આ બધી વિદ્યા તો તું ભણે છે પણ યાદ રાખજે કે તારે આત્મ-સાક્ષાત્કારની પરા વિદ્યા ભણવાની છે. આત્માનો સાક્ષાત્કાર કરી પરબ્રહ્મની ભક્તિ કરવાની છે.

એકવખત ગુરુએ વિદ્યાર્થીઓને એક ફળ આપ્યું ને કહ્યું : ''કોઈ ન જુએ ત્યાં જઈને ખાઈ આવો.'' બધા તો ગુફામાં, ખૂણામાં, અંધારામાં જઈને ખાઈ આવ્યા પણ તેમાંનો એક વિદ્યાર્થી બધે ફરી ફળ લઈને પાછો આવ્યો. ગુરુએ પૂછ્યું : ''કેમ તું ફળ પાછું લાવ્યો ?'' તો કહે : ''તમે કહ્યું હતું કે, કોઈ ન જુએ તેવી જગ્યાએ જમવાનું. મેં બધી જગ્યાએ જોયું. ગુફામાં, ખૂણામાં, અંધારામાં એમ સર્વત્ર જોયું પણ મને લાગ્યું કે ભગવાન તો છે જ.'' 'इशावास्यमिदं सर्वम्...' અહીં જે કંઈ છે તે પરમાત્માથી આવાસિત છે. જો આટલી દૃઢતા થઈ હોય તો કોઈ ખોટું કર્મ થઈ શકે નહિ. આ રીતે ઋષિકાળમાં યુવાનોને સજ્જ કરવામાં આવતા હતા.

વળી એમ કહેવામાં આવતું કે, 'मा गृधः कस्यस्विद्धनम्' - કોઈનું ધન ખેંચી લેવાનું નથી. વળી યુવાનોને એમ કહેવામાં આવતું કે, 'कुर्वन्नेवेह कर्माणि जिजीविषेत् शतं समाः ।' - તને સુંદર શરીર મળ્યું છે તો તું કર્મ કર્યા કર. તારે નિષ્ક્રિય થવાનું નથી. માથા પર હાથ મૂકી બેસી જવાનું નથી. 'संगच्छध्वं संवदध्वं सं वो मनांसि जानताम् ।' - આપણે બધાને સાથે ઉત્કર્ષ પામવાનો છે. સમૂહનું પણ જ્ઞાન આપવામાં આવતું કે, જગતમાં તમે એકલા નથી. તમારી સાથે આખો સમાજ છે. એની સાથે જીવતાં શીખો. સૌ સાથે હળીમળીને રહો. 'समानी व आकूतिः समाना हृदयानि वः ।' - તમારા હૃદય, વિચારો એ બધું એક થાય જેથી વિશ્વમાં કંઈક સારું કાર્ય કરી શકો. વળી, 'सह नौ भुनक्तु ।' - એ પ્રકારના પાઠ ભણાવવામાં આવતા. સાથે સાથે કહેવામાં આવતું કે, 'सत्यं वद ।' - વળી આગળ કહેવામાં આવતું કે, 'भद्रं पश्येमाक्षभिर्यजत्राः । भद्रं कर्णेभिः शृणुयाम देवाः ।' - કાનથી સારું-શુભ સાંભળીએ, આંખથી સારું-શુભ જોઈએ. આવું યુવાનોને દૃઢ કરાવવામાં આવતું હતું.

ઉપનિષદમાં શ્વેતકેતુની વાત આવે છે. શ્વેતકેતુ તેના પિતાને પ્રશ્ન પૂછે છે ત્યારે તેના પિતા કહે છે : 'तत्त्वमसि श्वेतकेतो' - હે શ્વેતકેતુ ! તું તે બ્રહ્મ છે, પરબ્રહ્મનો દાસ છે, આમ તત્ત્વચર્ચાઓ પણ થતી. હું કોણ ? એનું પણ યુવાનોને જ્ઞાન આપવામાં આવતું. ભૌતિક પદાર્થોનું તો જ્ઞાન અપાતું જ, પણ આત્મવિદ્યાનો ય ખ્યાલ અપાતો. વળી ગુરુજનો યુવાનોને સંબોધતા કહે છે : 'अमृतस्य वयं पुत्राः' - હે વિદ્યાર્થીઓ ! આપણે અમૃતના પુત્રો છીએ, માયાના ગુલામ નથી. એ વાત પણ યુવાનોને દૃઢ કરાવવામાં આવતી હતી.

પરંતુ આટલું શીખવતાં પહેલા ગુરુજનોએ પણ પોતાનું જીવન એવું પ્રેરણાદાયી બનાવવાનું રહેતું. જો ગુરુનું જીવન વ્યવસ્થિત ન હોય તો યુવાનમાં સંસ્કાર ન આવે.

**સ્વામી વિવેકાનંદજી** પોતાના ગુરુ શ્રી રામકૃષ્ણ પરમહંસનો સંદેશો પાથરવા માટે થનગની રહ્યા હતા. તેમનો સંકલ્પ હતો કે ગુરુનો સંદેશો પાતાળથી લઈને આકાશ

ચઢવું અઘરું છે, ઊતરવું સહેલું છે. A to Z બોલવું હોય તો ઝડપથી બોલાય પણ Z થી A તરફ બોલવું તો બહુ અઘરું છે. એવી જ વાત યૌવનના ઘડતર વિષે છે. યૌવનના ઘડતરમાં ઘણો સમય લાગે, પરંતુ પતન માટે માત્ર થોડી પળો જ પૂરતી છે. યુવાનીમાં એકવખત ઘડતર ચૂકે પછી એ તક ફરીથી આવતી નથી, સિવાય કે કોઈ સાચા મહાપુરુષોનો સંગ થઈ જાય તો યૌવન પાછું નીખરી ઊઠે છે.

સુધી આંબતો કરવો છે. જ્યારે સ્વામી વિવેકાનંદજીએ એ સંદેશ પાથરવાની શરૂઆત કરી છે ત્યારે તેમના મોટા ગુરુભાઈ શિવાનંદજી તેમની પાસે આવ્યા અને ખભા ઉપર હાથ મૂકીને કહ્યું : ‘‘વિવેકાનંદ ! હું તમારી શક્તિ અને તમારા અભિગમને બરાબર સમજું છું કે ગુરુદેવનો સંદેશો તમારે આખા વિશ્વમાં પાથરવાનો સંકલ્પ છે. પરંતુ તમો દુ:ખ નહિ લગાડતા. સાંભળો, એ સંદેશો જન-જન સુધી તમો તો જ પહોંચાડી શકશો કે જ્યારે પ્રથમ તમે હોકાના વ્યસનનો ત્યાગ કરશો. કારણ કે તમો જ્યારે ઉપદેશ આપશો ત્યારે લોકો ફક્ત ઉપદેશને જ નહિ ગ્રહણ કરે, પણ સાથે હોકાના વ્યસન તરફ પણ દૃષ્ટિ કરશે.’’ પછી વિવેકાનંદજીએ પોતાની ભૂલ સ્વીકારી હોકાનો ત્યાગ કર્યો.

**આજના શિક્ષકોમાં** તમાકું-સિગારેટ અને દારુ જેવા ભયંકર વ્યસનો હોય અને ફેશન પરેડની જેમ કપડા પહેરી ફરતા હોય તો પછી વિદ્યાર્થીઓમાં સંસ્કાર આવી શકે નહિ. એ સમયના ગુરુઓ વર્તનમાં બરાબર શુદ્ધ રહેતા.

**આજનો યુવાન** જ્યારે કોલેજમાંથી નીકળે ત્યારે તનથી અને મનથી તૂટી ગયો હોય છે. તેનો આત્મા તો કચડાઈ ગયો હોય છે. હાથમાં સર્ટિફિકેટનું ભૂંગળું વાળેલું હોય. ભણતર નહિ ! બસો બાળવી, તોફાનો કરવા, ગુંડાગીરી ને વ્યસનો આ બધી ‘દીક્ષા’ કોલેજોમાંથી લઈને નીકળે છે. આજે યુવાનોમાં ડીસ્કો કલ્ચર ટપક્યું છે. પશુઓને સારા દેખાડે એવા કાર્યક્રમો કોલેજોમાં થતા હોય છે !!

એકવખત પુનામાં ભારત દેશની યુનિવર્સિટીઓના કુલપતિઓની એક **સભા** યોજવામાં આવી હતી. તેમાં ચર્ચા થઈ કે, આજના યુવાનોમાં અજંપો ને અશાંતિ છે તેનું કારણ શું ? ચર્ચા અંતે બધા કુલપતિઓને એવું લાગ્યું કે, યુવાનોને ભારતીય વૈદિક પરંપરાનું **આધ્યાત્મિક શિક્ષણ** આપવામાં આવતું નથી. જો કે હજુ તે ચર્ચાનો કોઈ અમલ થયો તેવું દેખાતું નથી. પરંતુ એટલી વાત ચોક્કસ છે કે, ભારતીય વૈદિક પરંપરાના ઋષિકાળના સનાતન આધ્યાત્મિક શિક્ષણ તરફ હવે નજર નાખવાની જરૂર છે. ‘A nation which has no past has no future.’ - ‘જે રાષ્ટ્ર પાસે કોઈ ભૂતકાળ નથી એનું કોઈ ભવિષ્ય નથી.’ આપણી પાસે તો ભવ્ય ભૂતકાળ છે. આપણે ભવિષ્ય ઊભું કરવું હોય તો આપણી ભારતીય સાંસ્કૃતિક પરંપરાની ફરીથી જાળવણી માટે યુવાસમાજે જાગૃત થવું પડશે.

ઈંગ્લેન્ડમાં **સેન્ટ જેમ્સ** જેવી અમુક શાળાઓમાં સંસ્કૃત ફરજિયાત છે. એને પણ એટલો ખ્યાલ આવ્યો કે યુવાનોને આધ્યાત્મિક વિદ્યા નહિ ભણાવીએ તો આપણું કોઈ ભાવિ નથી. દક્ષિણ આફ્રિકાના ડર્બનની યુનિવર્સિટીમાં પણ સંસ્કૃત ફરજિયાત છે. અમેરિકામાં ખ્રિસ્તીઓનો મોર્મન સંપ્રદાય છે. વ્યસનમુક્ત અને ચારિત્ર્યશીલ યુવાનોનો સમાજ ઊભો કરવા માટે એ સંપ્રદાયોની યુનિવર્સિટીઓ પ્રયત્નશીલ છે. થાઈલેન્ડ-બેંગકોકમાં એવો કાયદો છે કે, દરેક યુવાનને ત્રણ મહિના બૌદ્ધ ધર્મના સાધુ થવાનું અને ધર્મના સિદ્ધાંતો ભણવાના. આપણે ત્યાં પણ આપણા સનાતન વારસાના અભ્યાસ માટે આવો કોઈક કાયદો કરવાની જરૂર લાગે છે !!

એકવાર **યાજ્ઞવલ્ક્ય ઋષિ** પોતાના શિષ્યો અને પોતાનું સર્વસ્વ છોડી આત્મસાક્ષાત્કાર માટે નીકળ્યા, ત્યારે વિદ્યાર્થીઓ વિચાર કરે છે : ‘ગુરુ આ બધું છોડીને જાય છે ક્યાં ?’ પછી તેઓને ખબર પડે છે કે, પરમાત્માનું જ્ઞાન સર્વથી શ્રેષ્ઠ જ્ઞાન છે. આપણે બધું મેળવ્યા પછી એ તો મેળવવાનું બાકી જ રહે છે. અને એ માટે બીજું બધું છોડવું જ પડશે.

છાંદોગ્ય ઉપનિષદમાં **ઈન્દ્ર** અને **વિરોચન**ની કથા આવે છે. સ્વર્ગ-નરકના બંને રાજાઓ. આટલું બધું ભોગવવા છતાં પણ એમના મનમાં શાંતિ નહોતી. એમને પણ ખ્યાલ હતો કે, આ બધું ભોગવીએ તો છીએ પરંતુ આત્માનું જ્ઞાન પ્રાપ્ત કરીએ તો આપણને શોક-મોહ ટળી જાય. એમ વિચારી તેઓ બંને પ્રજાપતિની પાસે જાય છે. અહીં તો બ્રહ્મચર્ય પાળવાનું, નીચે સૂવાનું, માધુકરી ભિક્ષાથી જીવવાનું, નખકેશ વધારવાના, લાકડાં લાવવાનાં. આ રીતે વિદ્યા ભણવાની.

વેદો કહે છે : ‘शृणवन्तु विश्वे अमृतस्य पुत्रा वयम् ।’ - અમે અમૃતના પુત્રો છીએ. અમારી અંદર અનંત શક્તિ પડેલી છે. હવે ઉપર આકાશમાં શોધ કરવાની જરૂર નથી. સંયમથી શક્તિ બહાર આવે છે. સંયમમાં શક્તિ રહેલી છે. જેમ સૂર્યના કિરણો જુદાં જુદાં હોય તો રૂને બાળી ન શકે પણ તેને બિલોરી કાચ ઉપર એકત્રિત કરીએ તો રૂને બાળી નાંખે. તેવી રીતે ઈન્દ્રિયો જ્યાં ત્યાં ફેંકાતી હોય તો તેમાં બળ ન આવે. પરંતુ ‘तानि सर्वाणि संयम्य...’ તેને સંયમિત કરીએ તો બળ આવે. જેમ ગાંધારી આંખે પાટા બાંધી રાખતી તો તેનામાં શક્તિ આવેલી. દુર્યોધનની સામે જોયું ને તેને વજ્રનો કરી દીધો !

ઈઝરાયલનો **યુરી ગેલર** નામનો યુવાન આંખને એકાગ્ર કરી લોખંડના સળિયા સામું જોતો તો સળિયા વળી જતાં !! વીજળીના કિરણોને ઘનીભૂત કરી એકત્રિત કરીએ તો તે લેઝરબીમ બની જાય, એનાથી લોખંડને કાપી શકાય એવી શક્તિ ઉત્પન્ન થાય છે.

ઉપનિષદની રીતે જોઈએ

આજનો યુવાન જ્યારે કોલેજમાંથી નીકળે ત્યારે તનથી અને મનથી તૂટી ગયો હોય છે. તેનો આત્મા તો કચડાઈ ગયો હોય છે. હાથમાં સર્ટિફિકેટનું ભૂંગળું વાળેલું હોય. ભણતર નહિ ! બસો બાળવી, તોફાનો કરવા, ગુંડાગીરી ને વ્યસનો આ બધી ‘દીક્ષા’ કોલેજોમાંથી લઈને નીકળે છે. આજે યુવાનોમાં ડીસ્કો કલ્ચર ટપક્યું છે. પશુઓને સારા દેખાડે એવા કાર્યક્રમો કોલેજોમાં થતા હોય છે !!

તો એક એક યુવાન ઉર્જાનું જનરેટર છે. યુવાન એ શક્તિનો પુંજ છે. વિશ્વકલ્યાણ માટે એની શક્તિનો ઉપયોગ થવો જોઈએ. અનંત શક્તિઓ યુવાનમાં પડેલી છે. જરૂર છે ફક્ત એને જાગ્રત કરવાની. દયા, કરુણા, મૈત્રી, સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય વગેરે ગુણો કેળવાય તો એ શક્તિ જાગ્રત થાય.

સ્વામી વિવેકાનંદે ૧૨ વર્ષના બ્રહ્મચર્યથી **મેધાનાડી** જાગ્રત કરી 'ફોટોગ્રાફિક મેમરી' પ્રાપ્ત કરેલી. સ્વામી રામતીર્થ હિમાલયમાં જતા હતા. એ વખતે રસ્તામાં હિમાલયની શિલા પડતી હતી. 'થંભી જા' કહ્યું ને તે ત્યાં જ અટકી ગઈ ! સંયમથી આત્માની શક્તિ કેવી તેમણે ખીલવી હતી!

અનંતશક્તિ આપણી અંદર છે પરંતુ આપણને ખબર નથી. તેને ખોળવા માટે **ઉપનિષદ** કહે છે : 'उत्तिष्ठत जाग्रत प्राप्य वरान् निबोधत ।' - સૌથી પહેલા સત્પુરુષ પાસે જવું. ગુરુ કહે છે : "ઊભો થા, તું તારા આત્મામાં રહેલા પરમાત્માને ઓળખ, એ શક્તિને તું બહાર કાઢ." ભૌતિક વિકાસ દ્વારા સૌ ૨૧મી સદીમાં જવા માગે છે, પણ માણસમાં માણસાઈ નહીં હોય તો આ બધા સાધનો વિનાશ સર્જશે. એટલા માટે પહેલા માનવ તૈયાર થવો જોઈએ. અને માનવ તૈયાર કરવાનું કાર્ય મહાપુરુષોનું છું.

આજે આ મૂલ્યો સાથે શિક્ષણ કે જ્ઞાન મેળવવાની **ઝંખના** ક્યાં છે ? આજે તો કોની જાતીય વાસના વધારે છે ? એવો ચાર્ટ તૈયાર કરીને કોલેજોમાં વિદ્યાર્થીઓ બહાર પાડે છે...!!! આ પ્રકારે જ્યાં વાસનાઓ જ ભરપૂર હોય ત્યાંથી કેવી રીતે વિદ્યા પ્રાપ્ત થાય ? ઋષિકાળમાં તો સૌથી પહેલા સંયમના પાઠ યુવાનોને ભણાવવામાં આવતા. ગુરુની આજ્ઞામાં જીવન સમર્પિત કરીને એ યુવાનો રહેતા પણ ખરા. ધૌમ્ય ઋષિના શિષ્ય આરુણિ ગુરુની આજ્ઞા પાળવા માટે પોતાના જીવનને ગમે તેટલા કષ્ટમાં મૂકતાં પણ આનંદ અનુભવતા.

અરુણ ઋષિનો પુત્ર **આરુણિ.** ગુરુ **ધૌમ્ય ઋષિ**ને ત્યાં તે વિદ્યા ભણવા ગયો. એક સુંદર સરિતાને તીરે આશ્રમ બાંધી ગુરુ ધૌમ્ય શિષ્યોને ભણાવે. શિષ્યોની સંખ્યા ચારસોથી વધારે હતી. રોજ સવારે ગુરુનો શિક્ષણયજ્ઞ શરૂ થાય. ત્યારે કોઈ શિષ્યો વેદોચ્ચાર કરતા હોય તો કોઈ શિષ્યો આશ્રમના વૃક્ષોને પાણી પાતા હોય. કોઈ શિષ્યો અર્ઘ્ય વાસ્તે ફૂલ વીણતા હોય. તો કોઈ શિષ્યો ગાયો દોહતા હોય. કોઈ રસ્તા વાળતા હોય તો કોઈ ખેતરના ક્યારા સાફ કરતા હોય. કોઈ વૃક્ષતળે ધ્યાનમાં લીન હોય તો કોઈ નાહી-ધોઈ વૃક્ષની ડાળે વલ્કલ સૂકવતા હોય. ઋષિ ધૌમ્ય વેદશાસ્ત્રના મંત્રોની દીક્ષા આપતા હોય ને ઋષિપત્ની હરણાને દર્ભ ને દૂર્વા ખવરાવતા હોય.

આજે આ મૂલ્યો સાથે શિક્ષણ કે જ્ઞાન મેળવવાની **ઝંખના** ક્યાં છે ? આજે તો કોની જાતીય વાસના વધારે છે ? એવો ચાર્ટ તૈયાર કરીને કોલેજોમાં વિદ્યાર્થીઓ બહાર પાડે છે...!!! આ પ્રકારે જ્યાં વાસનાઓ જ ભરપૂર હોય ત્યાંથી કેવી રીતે વિદ્યા પ્રાપ્ત થાય ? ઋષિકાળમાં તો સૌથી પહેલા સંયમના પાઠ યુવાનોને ભણાવવામાં આવતા. ગુરુની આજ્ઞામાં જીવન સમર્પિત કરીને એ યુવાનો રહેતા પણ ખરા. ધૌમ્ય ઋષિના શિષ્ય આરુણિ ગુરુની આજ્ઞા પાળવા માટે પોતાના જીવનને ગમે તેટલા કષ્ટમાં મૂકતાં પણ આનંદ અનુભવતા.



એકવખત વિદ્યાધ્યયન ચાલતું હતું. એવામાં એકાએક ગુરુએ સૌ તરફ નજર નાખીને કહ્યું : "પેલો પાંચાળથી આવેલો આરુણિ કેમ દેખાતો નથી ?"

આરુણિ પ્રત્યે ગુરુની મીઠી નજર હતી. આશ્રમમાં આવ્યો ત્યારથી આરુણિ ગુરુસેવામાં ભારે રત રહેતો હતો. ગુરુ માટે સ્નાનના જળની વ્યવસ્થા કરવી, તેમના વલ્કલ ધોવા, તેમની પર્ણકુટિ વાળીઝૂડી સાફ રાખવી, તેમની પથારી કરવી, તેમના ચરણ તળાંસવા, તેમને હોમની તૈયારીમાં મદદ કરવી એમ વિવિધ રીતે તે શુશ્રૂષા કર્યા કરતો. ગુરુસેવામાંથી વખત બચે તેમાં તે ગુરુભાઈઓને પણ ઉપયોગી થતો. કોઈની ઓરડી વાળી આપતો, કોઈને પથારી કરી આપતો, કોઈના ક્યારા સીંચી આપતો, કોઈનું વલ્કલ સાંધી આપતો.

આરુણિની સેવાવૃત્તિથી આકર્ષાઈને જ ગુરુ ધૌમ્ય ઋષિ અત્યારે પણ એને યાદ કરી રહ્યા હતા.

એક બીજું પણ કારણ ઊભું થયું હતું. આકાશમાં એકાએક વાદળ ઘેરાવા મંડ્યા હતા. વીજળી કાટકા લેતી હતી. પવન ફૂંકાવા મંડ્યો હતો. મેઘની ભારે ગર્જના થતી હતી. આવે વખતે આરુણિ ક્યાં હશે એની ગુરુને ચિંતા થઈ હતી.

ને ત્યાં જ દૂરથી સફાળો આવતો આરુણિ જણાયો. એ બોલ્યો : "મને યાદ કર્યો, ગુરુદેવ?"

"હા, વત્સ!"

"શી આજ્ઞા છે, ગુરુદેવ?"

"હમણાં મૂશળધાર વરસાદ તૂટી પડશે. આપણા ખેતરના પાળાની સંભાળ લેવી જરૂરી છે. તું જઈશ?"

"આ ચાલ્યો, ગુરુદેવ!" આરુણિ લગભગ દોડ્યો.

બીજી બાજુ વરસાદ તૂટી પડ્યો હતો.

આરુણિ ખેતરે પહોંચી ચૂક્યો હતો. જોયું તો પાળો મજબૂત કરવો જરૂરી હતો. પડખેથી માટી લઈ બંધ બાંધવા એ મંડી પડ્યો. પણ બંધ બંધાઈ રહે એ પહેલા જ વરસાદ તૂટી પડ્યો. હવે શું કરવું ? ગુરુદેવની આજ્ઞા છે કે ખેતરનો ક્યારો અખંડ જ રહેવો જોઈએ. એના મગજે વીજળીનો ઝબકારો અનુભવ્યો ને એને આદેશ આપ્યો : "તું જાતે જ બંધ બની જા ને!" આરુણિ એ પાળાની જગ્યાએ આડો સૂઈ ગયો. પાણી અટકીને રોકાઈ ગયું. પણ વરસાદ ચાલુ હતો. પાણીનો પ્રવાહ તો ચાલુ જ હતો. પોતે ઊઠે તો તો પાણી અંદર પ્રવેશી જાય. હાડમાંસના જીવતા પાળા સમા આરુણિએ પડ્યા પડ્યા પાણીનો પ્રચંડ સામનો કર્યો. રાત આખી વરસાદ પડતો રહ્યો ને સઘળો સમય એને ખાળતો



એવી જ અવસ્થામાં આરુણિ ખેતર પાસે પાળો બની પડ્યો રહ્યો.

વહેલી સવારે હોમવિધિથી પરવારી ગુરુ આરુણિની તપાસમાં નીકળ્યા.

"આરુણિ ! આરુણિ !" ગુરુ ધૌમ્ય ઋષિ બૂમો પાડતા હતા.

દૂર ખેતરને છેડેથી અવાજ આવ્યો : "ગુરુદેવ ! હું અહીં છું."

ગુરુએ ત્યાં પહોંચીને જોયું તો આરુણિનું શરીર માટીના થરથી ઢંકાઈ ગયું હતું પણ આકરું કર્તવ્ય બજાવી એણે ગુરુની આજ્ઞાનું પાલન કર્યું હતું.

વરસાદ રહી ગયો હતો. પાણી વહેતું અટક્યું હતું.

ગુરુ ધૌમ્ય ઋષિએ આરુણિને છાતી સરસો લગાવી કહ્યું : "વત્સ ! ભારે વસમી પીડા સહી ! મારા તને આશીર્વાદ છે. તારા મોં ઉપર હું વેદોનો અને શાસ્ત્રોનો પ્રકાશ દેખું છું. તને આત્મદર્શન થઈ ચૂક્યું છે. હવે તારો વિદ્યાભ્યાસ પૂર્ણ થયો. તું મન ફાવે ત્યારે આશ્રમની વિદાય લઈ શકે છે."

આરુણિએ ગુરુચરણે ઝૂકીને એમની ચરણરજ લીધી. ત્યારથી આરુણિનું નામ **'ઉદ્દાલક'** પડ્યું. ઉદ્દાલક એટલે પાણીનો બંધ.

**સત્યકામ જાબાલિ** ગુરુ ગૌતમ ઋષિ પાસે ગયો ને કહે : "મારે વિદ્યા ભણવી છે." તેથી ગુરુએ ચારસો દૂબળી સૂકાયેલી ગાયો ચરાવવા માટે સોંપી અને કહ્યું : "વત્સ ! તને હું આ ચારસો ગાયો સોંપું છું. તું એમની સેવા કરજે. જ્યારે એ ગાયોની સંખ્યા હજારની થાય ત્યારે તું પાછો આવજે."

સત્યકામે કહ્યું : "ગુરુદેવ ! એક હજાર ગાયો વિના હું પાછો નહિ ફરું."

ગાયો લઈને એ દૂરના જંગલમાં નીકળી ગયો. ત્યાં નદીને કિનારે ઝૂંપડી બાંધીને રહેવા લાગ્યો. રોજ ગાયો ચરાવે, વનના કંદ કે ફળફળાદિ આરોગે, નદીનું પાણી પીએ ને ઝાડ નીચે એકાંતમાં ગુરુએ શીખવેલા જપ-તપ આચરે. ગાયોનું સર્વ રીતે રક્ષણ કરે. હિંસક પશુઓથી પણ ગાયોને ઉગારે. આમ સાથોસાથ એનું પણ જ્ઞાન વધ્યે ગયું. મનનો અંધકાર પણ હટતો ગયો.

ધીરે ધીરે ગાયો દૂબળી મટી હૃષ્ટપુષ્ટ બનતી ગઈ. ધીમે ધીમે એ વિયાતી ગઈ ને એમની સંખ્યાએ વધતી ગઈ. ગુરુ કોઈ રીતે પ્રસન્ન થાય એ જ એની ધગશ હતી. ગુરુ રીઝે તો પછી એનો અજ્ઞાનનો અંધકાર દૂર થવાનો જ હતો. એને ગુરુમાં પરમ શ્રદ્ધા હતી. અને શ્રદ્ધાવાન જ્ઞાન પામે જ.

આમ કેટલાય વર્ષો વીતી ગયા. ગાયોની સંખ્યા પૂરી એક હજારની થઈ ગઈ. પછી સત્યકામ ગુરુ પાસે આશ્રમે પાછો ફર્યો.

આ લાંબા સમય દરમ્યાન એના ધૈર્યની, ખંતની, શાંતિની, અનુભવ મેળવવાની, અવલોકન કરવાની, નીડરતાની, સત્યશોધની - સર્વની કસોટી થઈ ગઈ. ગુરુએ અંતે એને ઉપદેશ આપ્યો અને એ તરત એ ઉપદેશ પચાવી પણ ગયો.

સત્યકામ જાબાલને ગુરુએ જ્ઞાન આપવાને બદલે ચારસો ગાયો ચરાવવા જંગલમાં મોકલીને એક હજાર ગાયો પૂર્ણ થાય ત્યારે આવવાનું કહ્યું તોપણ તેને સંશય ન થયો. એ જાણતો હતો કે, ગુરુની આજ્ઞામાં જ **બ્રહ્મવિદ્યા** સમાયેલી છે. જ્યારે આજનો યુવાન કહે છે, "અમે કહીએ એમ જ થવું જોઈએ."

ભારતમાં તો ભગવદ્ સંતો-આચાર્યશ્રીઓ, મહાપુરુષો દ્વારા જ **યુવાજાગૃતિ** થયેલી છે. કુમારીલ ભટ્ટે શંકરાચાર્યજીમાં તેજ ભર્યું. રામકૃષ્ણ પરમહંસે સ્વામી વિવેકાનંદને તૈયાર કર્યા. ભગવાન શ્રી સ્વામિનારાયણે તો હજારો યુવાનોને તૈયાર કર્યા અને એ યુવાનો સાધુ થયા. શ્રીજીમહારાજે સંતોને ગામડે-ગામડે, ઘેર-ઘેર ફરીને અજ્ઞાત લોકોને વ્યસન, કુરિવાજો, અંધશ્રદ્ધા વગેરેથી મુક્ત કરી સદાચારી સમાજ તૈયાર કરવાની આજ્ઞા કરી હતી. શ્રી સ્વામિનારાયણ-સદ્ધર્મનો પ્રચાર કરવામાં સ્વભાવે નિર્માની અને ક્ષમાશીલ યુવાસંતોએ સહિષ્ણુતા અપનાવીને ઢોરમાર તથા કઠોર અપમાનો સહન કરવા પૂર્વક તેમજ ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિએ આપેલા કડક નિયમોને જીવનમાં વણી લઈ, ભગવાન શ્રીહરિના આદેશોને સાકાર કરવા ઉચ્ચકોટિના સેંકડો પરમહંસોએ **પ્રચંડ પુરુષાર્થ** આદર્યો તે ખરેખર

ભારતમાં તો ભગવદ્ સંતો-આચાર્યશ્રીઓ, મહાપુરુષો દ્વારા જ યુવાજાગૃતિ થયેલી છે. કુમારીલ ભટ્ટે શંકરાચાર્યજીમાં તેજ ભર્યું. રામકૃષ્ણ પરમહંસે સ્વામી વિવેકાનંદને તૈયાર કર્યા. ભગવાન શ્રી સ્વામિનારાયણે તો હજારો યુવાનોને તૈયાર કર્યા અને એ યુવાનો સાધુ થયા. શ્રીજીમહારાજે સંતોને ગામડે-ગામડે, ઘેર-ઘેર ફરીને અજ્ઞાત લોકોને વ્યસન, કુરિવાજો, અંધશ્રદ્ધા વગેરેથી મુકત કરી સદાચારી સમાજ તૈયાર કરવાની આજ્ઞા કરી હતી. શ્રી સ્વામિનારાયણ-સદ્ધર્મનો પ્રચાર કરવામાં સ્વભાવે નિર્માની અને ક્ષમાશીલ યુવાસંતોએ સહિષ્ણુતા અપનાવીને ઢોરમાર તથા કઠોર અપમાનો સહન કરવા પૂર્વક તેમજ ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિએ આપેલા કડક નિયમોને જીવનમાં વણી લઈ, ભગવાન શ્રીહરિના આદેશોને સાકાર કરવા ઉચ્ચકોટિના સેંકડો પરમહંસોએ પ્રચંડ પુરુષાર્થ આદર્યો તે ખરેખર ઉલ્લેખનીય છે.

**ઉલ્લેખનીય** છે. કારણ કે સત્સંગ પ્રચારનું કાર્ય તે વખતે સહેલું નહોતું. ભગવાન શ્રી સ્વામિનારાયણે યજ્ઞીયહિંસા બંધ કરાવી અહિંસક યજ્ઞો શરૂ કરેલા, જેથી વામમાર્ગીય બ્રાહ્મણવર્ગ છંછેડાયેલો. તેમજ દોરા-ધાગા, ગ્રહ-માંદળિયા-પનોતી વગેરેમાં અંધશ્રદ્ધા દૂર કરી. તેથી તાંત્રિકો-માંત્રિકો અને ભુવાઓ ખીજાયા. કનકકામિનીના ત્યાગીઓને સમાજમાં સદાચારના ઉપદેશ માટે ફરતા મૂક્યા એટલે ગંજેરી, ભંગેરી અને રામકીઓમાં રાચતા બાવાઓ ઉશ્કેરાયા. આમ, પરમહંસો સામે આ ત્રિપાંખીયો જંગ મંડાયો. તેઓ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયને નવો ધર્મ અવૈદિક અને પાખંડ ધર્મ કહેતા. શ્રીજીમહારાજને 'કામણટુમણવાળા' અને 'બાબરો ભૂત વશ કરેલા જાદુગર' કહેતા. તેઓ શ્રી સ્વામિનારાયણના સદ્ધર્મનો પ્રચાર કરતા આ નિર્માની અને ક્ષમાશીલ, સહિષ્ણુ સંતોને ઢોરમાર મારતા - અપમાનો કરતા.

તે વખતે સારાંય સમાજમાં બ્રાહ્મણ - બાવા અને ભુવાની પકડ હતી. તેથી તેઓ લોકોને કહેતા કે જે કોઈ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં ભળે તેને નાત બહાર કરવો અને તેનો તિરસ્કાર કરવો. ત્યારે સૌ જનતા તેનો અમલ કરવા મજબુર બનતી. પરમહંસોને આવા સામા પ્રવાહમાં પડવાનું હતું. પરંતુ તેઓએ દેહની પરવા કર્યા વગર તેમાં ઝંપલાવ્યું. ગામોગામ સ્વામિનારાયણના મુંડીયા કહી અપશબ્દોથી અપમાનો કરી માથે ધુળ-કાંકરા-છાણ ફેંકીને ગામમાંથી તિરસ્કારપૂર્વક કાઢી મુકતા. છતાં આવા વિરોધના વાતાવરણમાં પણ પરમહંસોનો ઉત્સાહ જરાય ઓસર્યો નહોતો. તેમણે વૈષ્ણવો, જૈનો, ખોજા, પારસી, રાજપૂત, કાઠી, કોળી, કણબી વગેરે ઘણાઓને **સ્વામિનારાયણનો રંગ** લગાડ્યો હતો.

આ સાક્ષાત્ સાધુતાની મૂર્તિ સમા **યુવાન પરમહંસો** એટલે... લોહી ઉડાડનારની ઉપર ગુલાલ ઉડાડનારા... અપકાર કરનારનોય ઉપકાર કરનારા... સામર્થ્ય, સાધુતા અને સાક્ષાત્કારનો ત્રિવેણી સંગમ... આવી આવી અનેક સાધુતાના શિખરોને સર કરાવ્યા હતા - ભગવાન શ્રી સ્વામિનારાયણે... જેથી કરી આજે સમગ્ર વિશ્વમાં આ સદ્ધર્મનો વિજય ડંકો ચારેકોર વાગ્યો છે.

સત્સંગ રત્ન કવીશ્વર શ્રી દલપતરામના સુપુત્ર **કવિવર્ય ન્હાનાલાલ** આ સંતો વિશે સાચું જ લખે છે : ''આ સ્વામિનારાયણી સંતો વાસ્તવમાં આત્મનિષ્ઠ - નિર્ભય અને નિર્ભ્રાન્ત હતા અને ધર્મપાલનમાં તો સિંહ સમાન હતા. તેમજ વૈરાગ્ય અને સંયમ એ તો એમના જીવનપાથેય હતા.''

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના આ નવયુવાન સંતો પાસે સદાચાર અને ભાગવત ધર્મની સ્થાપના કરાવી આ પૃથ્વી ઉપર આત્યંતિક કલ્યાણની ગંગોત્રી વહેવડાવી છે. આ નંદસંતોએ માત્ર સત્ત્વગુણીને જ ધર્મમાર્ગે ચાલતા કર્યા એમ નથી, પરંતુ રજોગુણી, તમોગુણી મનુષ્યોને પણ જીવન જીવતા શીખવ્યું. અરે ! પાપના પહાડો સમાન - અધાર્મિક મનુષ્યને પણ ધર્મમાર્ગ પર લાવી સર્વે પાપકર્મોમાંથી મુક્ત કરી શુદ્ધ મુમુક્ષુ બનાવ્યા છે.

સમગ્ર ભારતના સનાતન ભગવાવસ્ત્રોને શોભાવે તેવા એ સંતોના **વૈરાગ્ય** અને **સાધુતાના સૂરો** આજેય ગૂંજે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતોના જીવન જોઈને એક ખ્રિસ્તી ધર્મગુરુ **બિશપ હેબર**ને સંતમંડળીના દર્શન થતાં જ મુખમાંથી એવા **શબ્દો** સરી પડ્યા : ''આવું સંતમંડળ મારે હોય તો.'' આ પ્રમાણે કોડભરી વાણી એમના મુખમાંથી વહી હતી. ત્યારે આજે આપણને પણ એવા કોડ થાય કે કેવા હશે એ સંતોના જીવન, કે જેઓએ માત્ર ૨૫ વર્ષના ટૂંકાગાળામાં ગુજરાતને જ નહિ પૂરા, ભારતને ઘેલુ લગાડ્યું હતું.

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે આ પૃથ્વી ઉપર અવતાર ધારણ કરી, અનેક જીવાત્મા માટે અને સમાજ માટે કલ્યાણકારી ઉદ્દેશો અને આદર્શોનું સ્થાપન કર્યું છે. વૈદિક પરંપરાઓને અનુસરીને શુદ્ધ ઉપાસના ભક્તિના માધ્યમથી આત્મકલ્યાણના માર્ગની સાથે સાથે સામાજિક અને વ્યવહારિક સ્તરે પણ અંધવિશ્વાસ, ખંડન, સદાચાર અને નીતિમત્તાના માર્ગને પણ પ્રોત્સાહન આપી સામાજિક ઉત્થાનનું અજોડ કાર્ય કર્યું છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના આ કલ્યાણકારી કાર્યોમાં અનેક કાર્યો તે બહુમૂલ્ય એવા માનવતાના અને ભારતીય સંસ્કૃતિના સિંચન કરનારા છે. અંધવિશ્વાસ નિવારણ, ભ્રૂણહત્યાને બંધ કરાવી, બાળકીની નિર્મમ થતી હત્યાને અટકાવી, દેવકાર્ય કે પિતૃકાર્ય કે યજ્ઞકાર્યના બહાના હેઠળ થતી હિંસાઓ અટકાવી, તળાવ, વાવ ગળાવી, વૃક્ષોના ઉચ્છેદન થતા અટકાવ્યા તેમજ સ્ત્રીઓના ઉત્થાન જેવા અનેક મહત્ત્વપૂર્ણ કાર્યો કરેલા છે. તદુપરાંત શિક્ષાપત્રીના માધ્યમથી સમાજમાં ચાલી રહેલી બદીઓને અટકાવી, પંચવર્તમાને યુક્ત સદાચારી જીવન જીવવાની કળા શીખવાડી, ચોરી ન કરવી, દારુ ન પીવો, વ્યભિચાર ન કરવો, આત્મઘાત ન કરવો, વૃદ્ધો-રોગીઓ અને મા-બાપની સેવા કરવી, મૂંગા પશુઓની સેવા કરવી, નાનામાં નાના જીવ-જંતુની પણ હિંસા ન કરવી વગેરે અનેક નિયમોના માધ્યમથી સમાજને બદીમુક્ત કરવાનો રાહ ચીંધ્યો.

કામ, ક્રોધ, મોહ, લોભ, ઈર્ષ્યા, તૃષ્ણા જેવા અંતઃશત્રુઓને આધીન થઈ પોતાનું તથા બીજાનું અહિત કરતા કાર્યો થતા અટકાવ્યા. આવા અનેક આધ્યાત્મિક તેમજ સામાજિક આદર્શોના માધ્યમથી એક યુવાધનનો **નવયુગ** અને **નવચેતના**નો **પ્રારંભ** કર્યો.

શ્રીજીમહારાજ સમકાલીન સમયથી સંપ્રદાયના માધ્યમથી આચાર્યશ્રીના માર્ગદર્શન પ્રમાણે અને સંતો-હરિભક્તોના સાથ-સહકારથી વારંવાર આ ભારતીય વૈદિક પરંપરાઓ અને આદર્શોના પ્રચાર-પ્રસાર અર્થે કાર્યો થતા આવ્યા છે. આજે પણ ભગવાન શ્રી સ્વામિનારાયણે યુવાસમાજ પરિવર્તનની કરેલી **જબરદસ્ત ક્રાંતિ**નું કાર્ય ચાલું જ છે.

હાલના દૂષિત, કલુષિત અને કલિયુગીય વાતાવરણમાં જ્યારે માનવ અને વિશેષ કરીને યુવાનો પોતાની ભારતીય વૈદિક સંસ્કૃતિ અને પરંપરાઓને ભૂલીને પાશ્ચાત્ય સંસ્કૃતિઓ તેમજ અહંકાર, સ્વાર્થ, લોભ વગેરેના પ્રભાવમાં આવીને ઉચ્ચ અને મૂળભૂત આદર્શોને ભૂલી રહ્યા છે. મર્યાદા, પ્રમાણિકતા, આદર અને

સેવાભાવના ગૌણ થતી ગઈ છે ત્યારે આ આદર્શોને પુનઃજીવંત અને સ્થાપિત કરવા પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના સંકલ્પ, આશીર્વાદ અને આજ્ઞાથી છેલ્લા ઘણા સમયથી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના શૂરવીર યુવાનો અને યુવતીઓ માનવસેવા અને ધર્મસેવાના કાર્ય કરી રહ્યા છે. સત્સંગી યુવાનોને માર્ગદર્શન અને બળ પૂરું પાડનાર (શક્તિ આપનાર) પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા ધર્મકુળ આશ્રિત પૂ. સંતો-ભક્તો આ યુવાનોના કાર્ય અને બળને વેગવંતુ બનાવ્યું છે.

આ કલ્યાણકારી સિદ્ધાંતો અને આદર્શોને જનજન સુધી પહોંચાડવા તેમજ નવયુવાનો અને બાળકોને એક યોગ્ય દિશા મળે એવા ઉદ્દેશથી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદી અંતર્ગત પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદથી, હાલમાં પ્રવર્તમાન ચાલુ વર્ષને **શ્રી સ્વામિનારાયણ સત્સંગ યુવા સંગઠન વર્ષ** તરીકે ઉજવવાનું જાહેર કરવામાં આવ્યું છે. આ વર્ષ દરમ્યાન પ.પૂ. મોટા લાલજી મહારાજશ્રી તથા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીના માર્ગદર્શન હેઠળ અખિલ ભારતીય દક્ષિણ વિભાગ શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ દ્વારા વિવિધ સ્થળોએ ધાર્મિક તેમજ સામાજિક કેટલાક કાર્યો થયા અને થનાર છે. જેમાં ધાર્મિક સેમિનારો, વ્યસનમુક્તિ અભિયાન, બાળકો તેમજ યુવાનોને વિવિધ કળાક્ષેત્રમાં પ્રોત્સાહન આપવા માટેના વિવિધ કાર્યક્રમો મેડીકલ તેમજ બ્લડ કેમ્પો, પશુ ચિકિત્સા કેમ્પો, વૃક્ષારોપણ, પ્રાકૃતિક આપદા વખતે સેવાકીય કામ કરવાની ટ્રેનીંગ કેમ્પો, ધ્યાન અને યોગોની શિબિરો વગેરે કાર્યો યોજાતા રહે છે. જેના માધ્યમથી યુવાપેઢીને પ્રેરણા, માર્ગદર્શન અને બળ મળે અને એક સશક્ત સંસ્કારી સમાજની રચના થાય.

માણસમાં કુદકા મારવાની વધુમાં વધુ શક્તિ યુવાવસ્થામાં હોય છે. સૌ પોતપોતાના ગજા મુજબનો **કુદકો** પોતાની યુવાનીમાં મારી લે પછી એ કુદકો પૈસા પાછળ હોય, સત્તા પાછળ હોય કે રૂપ યૌવન પાછળ હોય, પણ આ બધા કુદકા એ જીવનના ઊંચામાં ઊંચા કુદકા નથી. એ વાત સૌ કોઈ સ્વીકારશે કે જીવનનો **ઊંચામાં ઊંચો કુદકો** ક્યો ? તો આ પ્રશ્નના જવાબમાં શાસ્ત્રો, સંતો અને મહાપુરુષો કહે છે કે, **'અધ્યાત્મ.'** એ તરુણાઈનો ઊંચામાં ઊંચો કુદકો છે. આત્મલક્ષી-સારતમ તત્ત્વ પર જે અધિષ્ઠિત થયું છે તે 'અધ્યાત્મ.'

જેમ ભૌતિક શાસ્ત્રના વૈજ્ઞાનિક સ્થૂળ સૃષ્ટિના રહસ્યો ખોજવામાં ખોવાયેલા રહે છે. તેમ આ સૂક્ષ્મ સૃષ્ટિના **રહસ્યો** પણ કોઈકે શોધવા પડશે. આ જીવનનો પડકાર છે. પૃથ્વી પરના જીવનનો, માનવલોકના જીવનનો પડકાર છે. આ પડકાર યુવાન નહિ ઝીલે તો બીજું કોણ ઝીલશે ?

ભારત દેશમાં **અધ્યાત્મની શોધ** જે લોકોએ કરી તેમાં અગ્રગણ્ય શોધકો યુવાન જ હતા. અધ્યાત્મ એ કાંઈ ઘરડાલોકોની માલિકીની ચીજ નથી. એ તો યુવાનોના સાહસને નિમંત્રતી **સાગર લહેરો** છે. આ નિમંત્રણ કોણે કોણે ઝીલ્યું ?

ધ્રુવ, પ્રહ્લાદ, નચિકેતા, દાદાખાચર, સુરાખાચર, શુકદેવ, શંકરાચાર્ય, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ઈશુ, બુદ્ધ, રામકૃષ્ણ પરમહંસ, વિવેકાનંદજી, ગાંધીજી, વિનોબાભાવે, ભગવાન શ્રી રામ તથા ભગવાન શ્રીકૃષ્ણે - કઈ ઉંમરે જીવનની આ **મૂળ શોધ** આદરી ? અરે, સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે ૨૧ વર્ષની ઉંમરે તો આખા ગુજરાતને ઘેલું લગાડ્યું. હજારો નવયુવાનોને અધ્યાત્મને માર્ગે ચલાવ્યા અને પહોંચાડ્યા. ૪૯ વર્ષની ઉંમરે તો સૂર્ય-ચંદ્ર તપે ત્યાં સુધી અનંત યુવાનો અધ્યાત્મ માર્ગે ગતિ કરી શકે તેવો **ધોરી માર્ગ** કંડારી આ લોકમાંથી અંતર્ધાન થયા.

પ્રહ્લાદે કઈ ઉંમરે રાક્ષસ પિતાને હંફાવ્યો ? પ્રભુ શ્રી રામચંદ્રે કઈ ઉંમરે ઋષિમુનિઓને રાક્ષસોના ત્રાસથી મુક્ત કર્યા ? શ્રીકૃષ્ણચંદ્ર ભગવાને કંસવધ ક્યારે કર્યો ? ધ્રુવે કઈ ઉંમરે પરમાત્માનો સાક્ષાત્કાર કરી લોકોને આશ્ચર્યમાં મૂક્યા ? બુદ્ધનું મહાભિષ્ક્રમણ ? ઈશુ ક્રોસ પર ચઢ્યા ત્યારે માંડ ત્રીસી વટાવી હતી. શંકરાચાર્યે ભારતદેશમાં અદ્વૈત મતનું સ્થાપન કરી ભારતના મુખ્ય ચાર તીર્થધામમાં ચાર મઠ સ્થાપી ૩૨ વર્ષે તો પરલોક પ્રયાણ કર્યું ! સંત જ્ઞાનેશ્વર મહારાજ ૨૪ વર્ષે જ્ઞાનેશ્વરી ગીતાનો અમર ગ્રંથ આપી વિદાય થયા. અને ત્રીશ વર્ષની ઉંમરે વિશ્વમાં વૈદિક ધર્મની સિંહ ગર્જના પોકારી વિવેકાનંદજીએ !

દરેક પોતાને બદલવાની ઈચ્છા રાખે છે. તે જ્યાં છે ત્યાંથી ઉન્નતિ કરવાની તેમની **મહેચ્છા** છે, પરંતુ જ્યાં છે ત્યાંથી નીચે ઉતરવાની તેની પ્રકૃતિ છે. પ્રકૃતિનું પરિવર્તન જ માણસને સફળ બનાવે છે અને સફળતા માટે પરત્માત્માએ પ્રવર્તાવેલા સિદ્ધાંતો વ્યક્તિના જીવનમાં **આમૂલ પરિવર્તન** લાવે છે.

શું આવા સિદ્ધાંતો શાસ્ત્રોના માધ્યમથી જીવનને સંતુલિત બનાવી શકે છે ?

શું આવા શાસ્ત્રોના અધ્યયન વ્યક્તિના જીવનને સફળતા અને સાર્થકતાની સ્વર્ણરજતથી સુશોભિત કરી શકે છે ?

